R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1925... (Gujarati & English Bilingual) FORTNIGHTLY સળંગ વર્ષ ૧૦૦મું

VOLUME : 04 • ISSUE : 14 • PAGES : 36 • MUMBAI • DATE : 20TH MAY 2024

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

# MICROFINISH

Pumps • Valves • Automation




## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

**તંત્રી સ્થાનેથી**

તા. ૨૦.૫.૨૦૨૪ના અંકમાં પ્રકાશ સમીક્ષાના પ્રારંભિક ઈતિહાસના કેટલીક વાતોને રજુ કરતો એડ. ઉદયન શાહનો લખેલ તંત્રીલેખ.



**– CA હીરાચંદ દંડ, Mob.: 77385 08150**

# ૧૯૨૪ : કદઓ જ્ઞાતિમાં 'પ્રકાશ' નામે ક્રાંતિ

*કચ્છની ધીંગી ધરાથી કદઓ જ્ઞાતિનું લગભગ ૨૦૦ વર્ષ પહેલા મુંબઈમાં પગરણ થયું. કદઓ જ્ઞાતિ સારી સંખ્યામાં મુંબઈમાં વસવાટ કરવા લાગી અને આ સાથે સાથે જ્ઞાતિની સંખ્યા દેશાવરમાં પણ વધી. એક નમણી પણ ખડતલ, મીઠી પણ આખાબોલી 'હેકડો ઘા ને બો ટોકર'વાળી અને વ્યાપક દુરંદેશી ધરાવતી જ્ઞાતિમાં એક ક્રાંતિનું બીજ રોપ્યું અને આજે ૧૦૦મા વર્ષે પણ એ બીજમાંથી ઉદ્‌ભવેલ 'પ્રકાશ સમીક્ષા' નામનું વૃક્ષ અડીખમ ઉભું છે. જેના મૂળિયા કદઓ જ્ઞાતિની પરંપરા, સંસ્કારિતા, સભ્યતા, ધાર્મિકતા, ઉદારતા, એકજૂટતામાં ઉંડે સુધી ઉતર્યા છે અને તેથી આજે ૧૦૦ વર્ષ પછી પણ આ વૃક્ષ અડીખમ ઉભું છે અને કદઓ જ્ઞાતિની અસ્મિતા, ગૌરવ, ઈતિહાસ અને અભિમાનને આગળ ધપાવી રહ્યું છે. સુજ્ઞ જ્ઞાતિબંધુઓ શું આ વાંચીને કદઓ જ્ઞાતિ માટે તમને અભિમાન થાય છે?*

"The Friendly Union" *ધ ફ્રેન્ડલી યુનિયને સન ૧૯૨૪માં જ્ઞાતિના પહેલા વાર્ષિક પત્ર 'કદઓ પ્રકાશ'ને નામે અહેવાલ પ્રકાશિત કર્યો ને જ્ઞાતિમાં 'ક્રાંતિ'ની શરૂઆત કરી.*

*ધ ફ્રેન્ડલી યુનિયનના માનદ્ સેક્રેટરી શ્રી પુનશી વેરશી શાહ અને માનદ્ ખજાનચી શ્રી લક્ષ્મીચંદ વીરજી હતા. સંવત ૧૯૮૧ ભાદ્રપદ સુદ-૬ (સન ૪.૯.૧૯૨૪)ના દિવસે યુનિયનના મંત્રીશ્રીએ (નામ નથી મળતું) એ જ્ઞાતિનો વાર્ષિક અહેવાલ/પત્ર પુસ્તકરૂપે પ્રગટ કરવાનું સૂચન કર્યું અને સ્વ. નથુભાઈ ધરમશી અને સ્વ. માણેકજી ભાણજી ધરમશીનું આર્થિક પીઠબળ અને હિંમત મળતા ૧૯૨૪માં તા. ૫ થી ૧૦ ઑક્ટોબર વચ્ચે જ્ઞાતિમાં ક્રાંતિની મશાલને પ્રજ્વલિત કરવામાં આવી અને પહેલું વાર્ષિક 'કદઓ પ્રકાશ'નું વિમોચન કરવામાં આવ્યું.*

*લગભગ ૧૨૫૦ (સાડા બારસો) વરસ પહેલા જ્ઞાતિની ઉત્પત્તિ થઈ (સાભાર : કદઓ 'જ્ઞાતિદર્શન' લેખક સંશોધક શ્રી પાર્શ્વીર ધુલ્લા) અને છેલ્લા સો વર્ષથી જ્ઞાતિના લેખાજોખા, સુખાકારી અને એકજૂટતાની અને આગેકૂચની દીવાદાંડી અને મશાલ સંભાળતા 'પ્રકાશ સમીક્ષા' જ્યારે તમારા હાથમાં આવે ત્યારે તમને ગૌરવ અને અભિમાનની લાગણી જ થવી જોઈએ. સો વરસથી જ્ઞાતિજનોમાં અજવાળું પાથરતા પ્રકાશ સમીક્ષાને વાંચવું જોઇએ તથા ઉમંગભેર વધાવવું જોઇએ.*



**– એડ. ઉદયન શાહ**


**જાહેરાતદારોને નિવેદન**

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.


**આગામી પ્ર.સ.ના અતિથી સંપાદકો**

તા. ૫.૬.૨૦૨૪ના અંકના અતિથી સંપાદક તરીકે શ્રી તિલકચંદ કુંવરજી લોડાયા(Ex.Chief Comm. of Income Tax) – સાંયરા(ચેન્નઈ) રહેશે.

તા. ૫.૭.૨૦૨૪ના અંકના અતિથી સંપાદક તરીકે શ્રી કુમારભાઈ બાબુભાઈ દંડ-તેરા (ભાંડુપ) રહેશે.

## આદ્યતંત્રીઓ

''પ્રકાશ''
ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
CA હીરાચંદ દામજી દંડ



**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

| | |
|---|---|
| કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા | કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા |
| કેશરસિંહ આણંદજી ખોના | શૈલેશ સનત્ શાહ |
| તિલકચંદ કુંવરજી લોડાયા | કિરીટ ખેતસી શાહ |
| ઉદયન લાલજી લોડાયા | જયંત વિશનજી છેડા |


**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.


**વૉલ્યુમ : ૦૪, અંક : ૧૪, તા. ૨૦-૦૫-૨૦૨૪**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક**

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.



# કચ્છ દર્શન





(ભાગ : ૨૧)

લેખક : સોમ ધરમશીં
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

**(ગતાંકથી ચાલુ)**



**માંડવી શહેરનો પ્રવેશ દ્વાર રૂકમાવતી નદી પરનો પુલ**

શાહજહાંએ સદીઓ પહેલાં કહ્યું હતું, અગર પૃથ્વી પર કોઈ સ્વર્ગ છે તો એ કાશ્મીર છે... કાશ્મીર છે... કાશ્મીર છે... આ કથન આજે પણ અમીટ છે. તેનું દૃષ્ટાંત અપાય છે, પરંતુ કચ્છને રગેરગમાં સમાવીને જીવનારા કોઈ હાડોહાડ કચ્છીને પૂછશું તો કહેશે... સાચું સ્વર્ગ તો કચ્છ જ છે...

કચ્છભૂમિ સૈકાઓથી જગતને આકર્ષતી રહી છે. દેશના પશ્ચિમ ખૂણે આવેલો આ તદ્દન ભિન્ન પ્રદેશ છે. અહીંની આબોહવા નિરાળી છે. ભૌગોલિક વ્યૂહાત્મક સ્થિતિ, ઐતિહાસિક મહત્ત્વ, લોકસંસ્કૃતિ, પરંપરા અને બધાથી ચઢિયાતી ખુમારીએ કચ્છને ખ્યાતનામ બનાવ્યું છે. એક સમયે અભાવ-અન્યાયગ્રસ્ત લેખાતાં કચ્છડાને સમય જતાં ઘણે અંશે ન્યાય પણ મળ્યો છે. કચ્છી માડુએ કુદરતના દરેક રંગ અને રૂપ જોયાં છે.

માંડવી તરફ જતાં અમારી બસ રુકમાવતી પુલ ઉપરથી પસાર થઈ રહી હતી સામે જ ''I Love My Mandvi''નું બેનર દેખાતું હતું. માંડવીના દરિયાઈ બંદરે વિશ્વફલક ઉપર માંડવીનું નામ ગાજતું કર્યું છે પણ તેથી વધારે માંડવીની ''દાબેલી-રોટી''એ જગવિખ્યાત કર્યુ છે.

એવું કહેવાય છે કે વર્ષ ૧૯૬૦માં કચ્છ-માંડવીના નિવાસી કેશવજી ગાભા ચુડાસમા (જેને કેશા માલમના નામથી પણ ઓળખાય છે). તેમણે માંડવીના કેટલાક નિવાસી, વેપારી, રાહદારીની ભુખ ભાંગવા દાબેલીનો વેપાર શરૂ કર્યો.

તો ચાલો કચ્છનાં પશ્ચિમ છેવાડે આવેલ આ અખાતી બંદરની મુલાકાત પહેલાં તેના વિશે થોડુંક જાણી લઈએ.

માંડવીનાં દરિયાઈ બંદર શહેર તેના ઉપર કોઈક જમાનામાં ૮૪ બંદરના વાવટા ફરકતા હતા. તેના કારણે પ્રસિદ્ધિ પામ્યું હતું આજે જુનું શહેર તો વિશાળ કિલ્લાની દિવાલોની વચ્ચે ઘેરાઈ ગયું છે અને નવું શહેર તો ત્રણ તરફ વિકસી રહ્યું છે.

માંડવી કચ્છનાં દસ તાલુકામાંનો એક તાલુકો છે અને તાલુકાનું મુખ્ય મથક માંડવી છે. દક્ષિણે કચ્છનો અખાત, પશ્ચિમે કચ્છના અખાત અને અબડાસા તાલુકો ઉત્તરે નખત્રાણા તથા ભુજ તાલુકો અને પૂર્વે મુન્દ્રા તાલુકો આવેલ છે. સને ૧૮૭૮માં આ તાલુકાની રચના થઈ હતી.

મહત્ત્વના મથકો : માંડવી સંવત ૧૬૩૬ના મહા વદ ૧૧, સને ૧૮૫૧માં ભાટિયા શેઠ ટોપણ સાથે રહી રાવ ખેંગારજી પહેલાએ વસાવ્યું છે. રાવ ખેંગારજીએ સુંદરવરનું મંદિર સંવત ૧૬૩૧માં બંધાવ્યું છે. કાજીવાળી મસ્જિદ તથા જુમા મસ્જિદ ઉપરાંત દીવાદાંડી, હુડીયો કોઠો એ જાણીતા સ્થળો છે. માંડવી કચ્છ રાજ્યનું મહત્ત્વનું વેપારી મથક હતું. તેનો દરિયાઈ વહેવાર મુંબઈ, કરાચી, મલબાર, આફ્રિકા, એડન, લંકા, બર્મા વગેરેથી ધમધોકાર ચાલતો.

સને ૧૮૭૫માં દરિયામાં બ્રેકવોટર ધક્કો બંધાયેલ છે અને એજ અરસામાં રુકમાવતી નદી ઉપર પુલ બંધાયો છે. માંડવીનો રેતાળ દરિયા કિનારો કુદરતની જીવંત કવિતા છે. ત્યાંનો શાંત, છીછરો અને વિશાળ સાગરકાંઠો પ્રવાસીઓનું અનેરૂં આકર્ષણ છે. માંડવીથી થોડે દૂર આવેલ કાશી વિશ્વનાથનો દરિયા કિનારો સમુદ્ર સ્નાન માટે ઉત્તમ જગ્યા છે. માંડવીથી આઠ કિલોમીટર દૂર વિજયવિલાસ પેલેસ પાસેના કાઠડા ગામ નજીકનો દરિયા કિનારો પણ હરવા-ફરવા તથા સ્નાન માટે ખૂબ જ સુંદર છે. બાજુમાં જ 'આસાર' અથવા આશાપુરા માતાજીનું મંદિર છે.

આ લેખ તૈયાર કરવામાં ''કચ્છ તારી અસ્મીતા'' પ્રકાશક કચ્છમિત્ર ૧૯૯૭નો સહારો લીધેલ છે. તેના તરફ મારી કૃતજ્ઞા વ્યક્ત કરૂ છું.

વધુ આવતા અંકે....



U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT
TO EXCELLENCE
OUR PRESENCE
AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
www.umkhona.com
CB: 11/189

# મળવા જેવા માણસ...
## પરાગ મનોરમા નરેશ ભવાનજી શાહ (મોમાયા)-નલિયા (જાપાન)



### મન હોય તો માળવે જવાય

આપણી કદઓ જ્ઞાતિમાંથી, ઘણા યુવાનો અમેરિકા, કેનેડા, ઑસ્ટ્રેલિયા, ગલ્ફ વગેરે દેશોમાં શિક્ષણ અથવા કામ માટે વિદેશ જઈ રહ્યા છે પરંતુ ઘણા ઓછા લોકો જાપાન ગયા છે. અત્યાર સુધી ભાગ્યે જ ૪ થી ૬ વ્યક્તિઓ જાપાન ગઈ છે. મને ખબર પડી કે આપણા કદઓ યુવાન પરાગ શાહ જાપાનમાં HSBC બેંકના વૈશ્વિક બેંકિંગ બિઝનેસ માટેના ચીફ ઓપરેટિંગ ઓફિસર છે જે આપણી કદઓ જ્ઞાતિ માટે ગર્વની વાત છે. મેં તેમની જીવન સફર તથા અનુભવો વિશે વાત કરવા અને આપણા કદઓ યુવાનોને તેઓ કઈ રીતે મદદ કરી શકે તે માહિતી મેળવવા તેમનો સંપર્ક સાધ્યો.

પરાગભાઈ આંતરરાષ્ટ્રીય નાગરિક અને આંતરરાષ્ટ્રીય નેતા બનવાનું સપનું જોતા હતા. લાખો યુવાનો આ જ સપના જોતા હોય છે અને તેમાંથી બહુ ઓછાને સાચી સફળતા મળે છે. તેથી પરાગભાઈની વ્યૂહરચના સમજવી ખૂબ જ જરૂરી છે. જ્યારે તેઓ મુંબઈની સિડનહામ કોલેજમાં ગ્રેજ્યુએશન કરી રહ્યા હતા ત્યારે તેમણે ફ્રેન્ચ શીખવાનું શરૂ કર્યું. અને સ્નાતક થયા પછી, તેઓ આંતરરાષ્ટ્રીય સંસ્થા AIESEC દ્વારા કોલંબિયામાં એક્સચેન્જ સ્ટુડન્ટ્સ તરીકે ગયા. AIESEC એ અર્થશાસ્ત્ર અને વાણિજ્ય વિજ્ઞાનના વિદ્યાર્થીઓનું આંતરરાષ્ટ્રીય સંગઠન છે અને તેની સ્થાપના ૧૯૪૮માં એવી માન્યતા સાથે કરવામાં આવી હતી કે યુવા નેતૃત્વ એ એક વિકલ્પ નથી પરંતુ અમારી જવાબદારી છે. તેનું મુખ્ય મથક કેનેડામાં છે. પરાગભાઈ ગ્રુપ એક્સચેન્જ પ્રોગ્રામમાં કોલંબિયા, ચિલી અને આર્જેન્ટિના ગયા અને તેમના સપના પૂરા કરવા માટે આ તેમનું બીજું પગલું હતું. આ તમામ ૩ દેશો એવા છે જ્યાં ભારતીયો સામાન્ય રીતે વધુ પ્રવાસ કરતા નથી. પરાગભાઈ કહે છે કે કોલંબિયા માફિયાઓ અને ડ્રગ્સનો દેશ નથી. પણ તે મનોરમ્ય લોકો અને આર્થિક રીતે ઉન્નતી ધરાવતો એક સુંદર દેશ છે. જ્યારે તેઓ કોલંબિયામાં હતા ત્યારે તેમણે સ્પેનિશ ભાષા શીખી. આજે પરાગભાઈ કચ્છી, ગુજરાતી અને હિન્દી સિવાય સ્પેનિશ, ડચ, ફ્રેન્ચ અને અંગ્રેજી ખૂબ સારી રીતે બોલી શકે છે. ત્યારબાદ તેઓ સિટી યુનિવર્સિટીમાંથી MBA કરવા UK ગયા. પરાગભાઈ વિવિધ દેશોની સંસ્કૃતિ, ભાષાઓ શીખવા માંગતો હતો અને ઝડપથી વિકાસ કરવા માંગતા હતા અને આજે ખૂબ જ નાની ઉંમરે તેઓ HSBC બેંક, જાપાનના વૈશ્વિક બેંકિંગ વ્યવસાયના ચીફ ઓપરેટીંગ ઓફિસર છે.

**પ્ર.સ.:** શિક્ષણ પૂરું કર્યા પછી, તમે તમારી કારકિર્દી કેવી રીતે શરૂ કરી?

**પરાગભાઈ :** મારા પિતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે અને એન. બી. શાહ એન્ડ કંપનીના નામે પ્રેક્ટિસ કરે છે. હું તેમની સાથે જોડાયો. ૨ વર્ષનો અનુભવ લીધા પછી હું MBA કરવા યુકે ગયો અને ભારત આવ્યા પછી હું HSBCમાં રિલેશનશિપ મેનેજર તરીકે જોડાયો અને મુંબઈમાં ૫ વર્ષ કામ કર્યું. પરંતુ હું મારી કારકિર્દી વિશે ખૂબ જ સ્પષ્ટ હતો અને હું વિદેશમાં કામ કરવાની તક શોધી રહ્યો હતો તેથી ખુશીથી મેં નેધરલેન્ડમાં HSBCમાં જવાનું સ્વીકાર્યું. મેં ૧૦ વર્ષ સુધી ૨ દેશોમાં HSBC માં વિવિધ હોદ્દા પર કામ કર્યું. અને છેલ્લા ૨ વર્ષથી હું HSBC બેંકના વૈશ્વિક સી.ઓ.ઓ. તરીકે જાપાન ગયો છું અને વિવિધ દેશોના ૨૦ લોકોની ટીમનું નેતૃત્વ કરી રહ્યો છું. જોખમ, વ્યવસ્થાપન, વ્યવસાય વ્યૂહરચના, નાણાંકીય અપરાધ, સાયબર સુરક્ષા વગેરેનું ધ્યાન રાખું છું અને ટોયોટા, નિશાન, જાપાનીઝ બેંકો વગેરે જેવા ખૂબ જ મહત્વપૂર્ણ ગ્રાહકોને હેન્ડલ કરૂં છું.

પરાગભાઈને તેમની કારકિર્દી બનાવવા માટે તેમના માતા-પિતા મનોરમાબેન અને નરેશભાઈ તરફથી સંપૂર્ણ માર્ગદર્શન અને સહકાર મળ્યો. શ્રી નરેશભાઈ (એન. બી. શાહ) આપણી જ્ઞાતિની શૈક્ષણિક પ્રવૃત્તિઓને ટેકો આપવા માટે સમય અને યોગદાન આપી રહ્યાં છે.

**પ્ર.સ.:** શું તમે જાપાનીઝ ભાષા શીખ્યા છો?

**પરાગભાઈ :** (હસતા) હું શીખવાનો પ્રયત્ન કરી રહ્યો છું. તેમની સંસ્કૃતિ ખૂબ જ અલગ છે અને મને એડજસ્ટ કરવામાં ૩ મહિનાને બદલે ૬ મહિના લાગ્યા. તેવી જ રીતે તેમની ભાષા શીખવામાં સમય લાગી રહ્યો છે.

**પ્ર.સ.:** તમે આંતરરાષ્ટ્રીય કારકિર્દી માટે ખૂબ જ નાની

ઉંમરે શા માટે આકર્ષાયા હતા? તમે તમારી કારકિર્દી માટે ભારતને કેમ પસંદ ન કર્યું?

**પરાગભાઈ :** વિશ્વ આંતરરાષ્ટ્રીય ક્ષેત્ર છે. વિશ્વ બજાર તમને વધુ તકો આપે છે. કારકિર્દીની ઝડપી વૃદ્ધિ, સારી કમાણી, વિવિધ સંસ્કૃતિના નવા મિત્રો મળે, અને મને હંમેશા નવી ભાષાઓ શીખવામાં, વિવિધ દેશો અને સંસ્કૃતિના મિત્રો બનાવવામાં રસ હતો અને તેથી મેં આંતરરાષ્ટ્રીય કારકિર્દી પર વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું. ભારતમાં આજે ઘણી મોટી તકો છે પરંતુ વિશ્વ હંમેશા ઉત્તેજના, સારી તકો અને સારા પગાર ધોરણો સાથેનું એક મોટું પ્લેટફોર્મ છે. હું હંમેશા આંતરરાષ્ટ્રીય નાગરિક બનવા માંગતો હતો. હકીકતમાં મેં ડચ નાગરિકત્વ લીધું છે અને મારી પાસે નેધરલેન્ડ્સમાં ઘર છે.

**પ્ર.સ.:** તમારી આંતરરાષ્ટ્રીય કારકિર્દી દરમિયાનના તમારા યાદગાર અનુભવો શેર કરશો?

**પરાગભાઈ :** જ્યારે હું નેધરલેન્ડ્સ ગયો ત્યારે મને એ જોઈને નવાઈ લાગી કે ત્યાં લોકો કરતાં વધુ સાઈકલ છે. તેમની પાસે સાયકલ માટે ખૂબ જ વિકસિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે જેમાં ટ્રાફિક લાઇટ, બાઇક લેન, નિયમો વગેરેનો સમાવેશ થાય છે. નેધરલેન્ડ્સ એકમાત્ર એવો દેશ છે જ્યાં એચએસબીસીના સીઇઓ અને સીઓઓ કામ કરવા માટે સાઇકલ પર આવે છે (શ્રી પરાગભાઈ નેધરલેન્ડ્સમાં પણ સીઓઓ હતા). હું મારી નિયમિત દિનચર્યા તરીકે ઓફિસ જવા માટે દરરોજ 8km એક માર્ગે બાઇક ચલાવું છું. તે ખૂબ જ સ્વસ્થ અને તરોતાજા કરનારું હતું. ટોક્યોમાં પણ કામ ઉપર જવા માટે મેં બાઇક ચલાવવાનું ચાલુ રાખ્યું છે.

**પ્ર.સ.:** મહેરબાની કરીને કદઓ યુવાનોને માર્ગદર્શન આપો, જેઓ વિશ્વ બજારમાં તેમની કારકિર્દી બનાવવા માંગે છે.

**પરાગભાઈ :** જ્યારે તમે યુવાન હો ત્યારે વિશ્વની વિવિધ ભાષાઓ શીખો. તમારી જાતને તૈયાર કરો. ટૂંકા અભ્યાસક્રમોમાં જોડાઓ અને તમારી જાતને અપડેટ કરો. નેતાઓ અને કોચ સાથે સંપર્કમાં રહો. શિક્ષણ માટે પણ, હોલેન્ડ, જર્મની વગેરેમાં શાળાઓ અને યુનિવર્સિટીઓ ખૂબ સારી છે. તમારી સોફ્ટ સ્કિલ વિશે વિચારો.

જો તમારૂં ધ્યેય વિશ્વ બજાર છે, તો આંતરરાષ્ટ્રીય સંસ્થા સાથે પ્રારંભ કરો. જો તમારું પ્રદર્શન સારું છે, તો તમે ગમે ત્યાં ગોઠવાઈ શકો છો. માત્ર અંગ્રેજી બોલતા દેશોમાં જવાની જરૂર નથી. સ્કેન્ડિનેવિયન દેશો, હોલેન્ડ, જર્મની, જાપાન, કોરિયા અને ઘણા બધા દેશોમાં વધુ તકો તમારી રાહ જોઈ રહી છે જો તમે સખત મહેનત કરવા તૈયાર હો તો. તમે ખૂબ જ સરળતાથી સ્થાનિક ભાષાઓ શીખી શકો છો.

**પ્ર.સ.:** તમે આપણા કદઓ યુવાનોને કેવી રીતે સહયોગ કરશો?

**પરાગભાઈ :** કદઓ યુવાનો લિંક્ડઇન દ્વારા મારો સંપર્ક સાધી શકે છે અને હું તેમને માર્ગદર્શન આપવા માટે મારા શ્રેષ્ઠ પ્રયાસ કરીશ.

પરાગભાઈ, તમારો કિંમતી સમય આપી માહિતી આપવા બદલ આપનો ખૂબ ખૂબ આભાર.

**– CA હીરાચંદ દંડ**

## નમ્ર નિવેદન

જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ-મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો.

## પ્ર. સ.ના શતાબ્દી વર્ષની ઉજવણી પ્રસંગે ક.દ.ઓ. લેખકો-વાચકોને નિમંત્રણ...

વર્ષ ૨૦૨૪માં પ્રકાશ સમીક્ષા પોતાની પ્રકાશન યાત્રાના ૧૦૦ વર્ષ પૂર્ણ કરી રહ્યું છે. પ્ર.સ.ના શતાબ્દી વર્ષની ઉજવણીમાં સહયોગી બનવા હું સૌ કદઓ લેખકોને વિનંતી કરૂં છું. અમો લેખકોનું એક ગ્રુપ બનાવી રહ્યાં છીએ. જેમાં આપ સૌ સાદર નિમંત્રિત છો. આ ગ્રુપમાં જોડાવવા ઈચ્છતા હો તો આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર સાથે kdoprakash@gmail.com ઉપર ઈ-મેઈલ કરવા વિનંતી.

પ્ર.સ.ના ઈતિહાસથી પરિચિત વરિષ્ઠ વાચકોને પ્ર.સ. સાથેના તેમના સ્મરણો લખી મોકલવા વિનમ્ર વિનંતી છે. પ્ર.સ.ના વાચકોને પણ નિવેદન છે કે શતાબ્દી વર્ષની ઉજવણી માટે લોગો બનાવો, ટેગલાઈન મોકલો, આપ સૌ વાચકો અન્ય કઈ રીતે સહયોગી બની શકશો તે પણ અવશ્ય જણાવો.

**તંત્રી શ્રી CA હીરાચંદ દંડ**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ સંચાલિત**
**શ્રી કાનજી ભાણજી મોતા અને શ્રી દેવકાબાઈ કાનજી મોતા તેરાવાલા**
**દાતાઓ તરફથી એપ્રિલ-૨૩ થી માર્ચ-૨૪ સુધી મળેલ શાળા ફી-પુસ્તક સહાય ભેટ**

| નં. | દાતાશ્રીનું નામ | રકમ | કુલ રકમ |
|---|---|---|---|
| ૧ | **ધનલક્ષ્મી લક્ષ્મીચંદ અને લક્ષ્મીચંદ લાલજી લાલકા : લાલા** | **૧૦૦૦૦૦૦** | **૧૦૦૦૦૦૦** |
| | **કાયમી અનામત ફંડ પેટે. જેનું વાર્ષિક વ્યાજ ફી સહાય અર્થે વાપરવાની શરતે** | | |
| ૨ | **શ્રી કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન કાયમી અનામત ફંડ પેટે.** | **૫૦૦૦૦૦** | **૫૦૦૦૦૦** |
| | **જેનું વાર્ષિક વ્યાજ ફી સહાય અર્થે વાપરવાની શરતે** | | |
| ૧ | **શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડ્સ, મ.બં.** | **૫૦૦૦૦૦** | **૫૦૦૦૦૦** |
| | **ડુમરા** | | **૧૫૫૫૧** |
| ૧ | શ્રી પદમકુમાર ઠાકરશી પોલડીયા | ૧૫૫૫૧ | |
| | **જખૌ** | | **૩૩૭૦૦૦** |
| ૧ | શ્રી હેમરાજ લાલજી મહેશ્વરી, હ. શ્રી મિલનભાઈ હેમરાજ મહેશ્વરી-પુના | ૧૫૧૦૦૦ | |
| ૨ | જખૌ રત્નટૂંક જૈન દેરાસર અને સાધારણ ફંડ | ૧૦૦૦૦૦ | |
| ૩ | શ્રી કુણાલ કાંતિલાલ વિકમશી | ૩૦૦૦૦ | |
| ૪ | શ્રીમતી રીટા મણીકાંત લોડાયા | ૨૫૦૦૦ | |
| ૫ | ચેતક કેટરર્સ એલએલપી, હ. શ્રી પ્રતાપભાઈ ધુલ્લા | ૨૧૦૦૦ | |
| ૬ | મયુરી ચાંપશી હેફા | ૫૦૦૦ | |
| ૭ | ચાંપશી ડુંગરશી હેફા એચ.યુ.એફ. | ૫૦૦૦ | |
| | **કોઠારા** | | **૩૬૦૦૦૦** |
| ૧ | શ્રી હરીશભાઈ પાલાણી અને શ્રી કિરણભાઈ પાલાણી, | ૩૦૦૦૦૦ | |
| | કોઠારા તેમજ અન્ય ગામના વિદ્યાર્થીઓને ફી સહાય | | |
| ૨ | શ્રી મુકેશભાઈ ગોવિંદજી જીવરાજ લોડાયા | ૬૦૦૦૦ | |
| | **લાલા** | | **૧૬૦૦૦૦** |
| ૧ | માતુશ્રી વિજયાબેન શાંતિલાલ મૈશેરી | ૧૦૦૦૦૦ | |
| | હ. શ્રી નિલેશકુમાર અને તીલેશકુમાર શાંતિલાલ મૈશેરી-મુલુંડ(દુબઈ) | | |
| ૨ | શ્રી નરેન્દ્રભાઈ શાહ | ૫૦૦૦૦ | |
| ૩ | ડૉ. શાંતિલાલ જીવરાજ શાહ | ૧૦૦૦૦ | |
| | **મંજલ** | | **૬૦૦૦૦** |
| ૧ | શ્રીમતી નીલંજના સુશીલ શાહ-માટુંગા | ૩૦૦૦૦ | |
| ૨ | દમયંતીબેન કાંતિલાલ દંડ અને હિરાવંતી કુસુમકાંત નાગડા | ૩૦૦૦૦ | |
| | **મોટી ખાવડી** | | **૨૦૬૦૩૫** |
| ૧ | જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મોટી ખાવડી | ૨૦૬૦૩૫ | |

| | | | |
|---|---|---|---|
| | **મોટી સિંધોડી** | | **૧૫૦૦૦૦** |
| ૧ | માતુશ્રી ધનબાઈ પ્રેમજી લોડાયા (શાહ), હ. શ્રી રાજેશભાઈ શાહ | ૧૫૦૦૦૦ | |
| | **નલીયા** | | **૧૫૯૭૧૧૨** |
| ૧ | શ્રી ભરતભાઈ સી. શાહ | ૫૦૦૦૦૦ | |
| ૨ | શેઠ નરશીનાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ, મસ્જીદબંદર<br>નલીયા તથા અન્ય ગામના વિદ્યાર્થીઓને શાળા ફી | ૪૦૦૦૦૦ | |
| ૩ | માતુશ્રી સુમતીબેન દેવશી ખોના હ. શૈલેશભાઈ ખોના-કોચીન(યુએસએ) | ૨૫૦૦૦૦ | |
| ૪ | શ્રી રૂપેશભાઈ મોતીચંદ ખોના | ૯૦૦૦૦ | |
| ૫ | શ્રી વીરચંદભાઈ લાલજી ખોના | ૬૦૦૦૦ | |
| ૬ | શ્રી અજય અમિત ખોના | ૬૦૦૦૦ | |
| ૭ | માતુશ્રી પુષ્પાબેન ગોવિંદજી મોમાયા, હ.શ્રી મયંકભાઈ ગોવિંદજી મોમાયા-બાંદ્રા | ૩૫૦૦૧ | |
| ૮ | શ્રી જીતેન્દ્ર ડી.બી. ખોના-કોઈમ્બતુર | ૩૫૦૦૦ | |
| ૯ | પાર્શ્વનાથ કોર્પોરેશન, હ. શ્રી મધુભાઈ નાગડા-પોલાચી | ૩૦૦૦૦ | |
| ૧૦ | શ્રી લલિત નરશી ધરમશી | ૩૦૦૦૦ | |
| ૧૧ | માતુશ્રી લતાબેન ઉપેન્દ્ર સુધાકર લાપસીયા, હ. પ્રતિમા કાર્તિક શાહ-અંકલેશ્વર | ૨૬૦૦૦ | |
| ૧૨ | શ્રી કેડીઓ જૈન (નલીયાવાસી) મુંબઈ ચેરીટેબલ ટ્રસ્ટ | ૨૫૦૦૦ | |
| ૧૩ | શ્રી નરેન્દ્રભાઈ જે. શાહ-માટુંગા | ૧૫૦૦૦ | |
| ૧૪ | શ્રીમતી સરલાબેન જયચંદ નરશી લોડાયા-નલીયા(ચેંબુર) | ૧૫૦૦૦ | |
| ૧૫ | શ્રીમતી મીનાબેન કમલેશ લોડાયા-માણાવદર | ૧૧૧૧૧ | |
| ૧૬ | એમ. એલ. અરોરા | ૧૯૦૦ | |
| ૧૭ | મમતા અરોરા | ૧૯૦૦ | |
| ૧૮ | ઘનશ્યામદાસ અરોરા | ૧૯૦૦ | |
| ૧૯ | નિશા કોચર | ૧૯૦૦ | |
| ૨૦ | ઓમ અરોરા | ૧૯૦૦ | |
| ૨૧ | વી. એલ. ખોના | ૧૯૦૦ | |
| ૨૨ | એમ. એલ. ખોના | ૧૯૦૦ | |
| ૨૩ | જે. કે. ખોના | ૧૭૦૦ | |
| | **રાપર** | | **૩૦૦૦૦** |
| ૧ | ધનેશ કે. લોડાયા | ૧૯૯૦ | |
| ૨ | ભાવિકા ડી. લોડાયા | ૧૯૯૦ | |
| ૩ | હર્ષ ડી. લોડાયા | ૧૯૯૦ | |
| ૪ | નેહા ડી. લોડાયા | ૧૯૯૦ | |
| ૫ | ભાવેશ કે. લોડાયા | ૧૯૯૦ | |
| ૬ | કુંજલ બી. લોડાયા | ૧૯૯૦ | |
| ૭ | ક્રિપા બી. લોડાયા | ૧૯૯૦ | |
| ૮ | ભક્તિ બી. લોડાયા | ૧૯૯૦ | |
| ૯ | તુષાર શાહ | ૧૯૯૦ | |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | મયુરી ટી. શાહ | ૧૯૯૦ | |
| ૧૧ | હાર્દિક ટી. શાહ | ૧૯૯૦ | |
| ૧૨ | ભરત લોડાયા | ૧૯૯૦ | |
| ૧૩ | ભૈરવી બી. લોડાયા | ૧૯૯૦ | |
| ૧૪ | એકતા બી. લોડાયા | ૧૩૭૫ | |
| ૧૫ | રોમિલ બી. લોડાયા | ૧૩૭૫ | |
| ૧૬ | રોહન એસ. શાહ | ૧૩૮૦ | |
| | **રવા** | | **૨૫૯૦૦** |
| ૧ | શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસિયા-ચેંબુર | ૨૫૯૦૦ | |
| | **રંગપુર** | | **૧૦૦૦૦૦** |
| ૧ | રંગપુર કચ્છી દશા ઓશવાલ દેરાસરજી મહાજનવાડી ટ્રસ્ટ | ૧૦૦૦૦૦ | |
| | **સાંધાણ** | | **૩૦૦૦૦** |
| ૧ | માતુશ્રી ખમાબાઈ ડાહ્યાભાઈ ધુલ્લાના આત્મકલ્યાણાર્થે, હ.તેમના પરિવાર તરફથી | ૩૦૦૦૦ | |
| | **સુથરી** | | **૫૦૦૦૦૦** |
| ૧ | માતુશ્રી કસ્તુરીબાઈ વસનજી ધરમશી અને માતુશ્રી રતનબેન નરશી ધરમશી, સુથરી તથા અન્ય ગામના વિદ્યાર્થીઓને ફી સહાય | ૫૦૦૦૦૦ | |
| | **સાંધવ** | | **૨૨૨૬૯૩** |
| ૧ | શ્રી મણીમાણેક ચેરીટેબલ ટ્રસ્ટ હસ્તે શ્રી ચાંપશીભાઈ લોડાયા | ૨૨૨૬૯૩ | |
| | **સુજાપર** | | **૬૫૦૦૦** |
| ૧ | શ્રી મનીષભાઈ હીરજી શાહ-લાલકા | ૬૫૦૦૦ | |
| | **તેરા** | | **૨૫૫૦૦૦** |
| ૧ | શ્રી ભરતભાઈ બી. ખીમજી | ૧૫૦૦૦૦ | |
| ૨ | શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટ-તેરા | ૭૫૦૦૦ | |
| ૩ | સ્વ. શ્રી મણીકાંત માણેકજી દંડ, હ. સરોજ મણીકાંત દંડ | ૩૦૦૦૦ | |
| | **વાંકુ** | | **૯૬૦૦૦** |
| ૧ | શ્રી અજીતનાથજી મહારાજ જૈન દેરાસરજી ટ્રસ્ટ-મુલુંડ | ૩૧૦૦૦ | |
| ૨ | શ્રી હિનેશભાઈ ભવાનજી લોડાયા-મુલુંડ | ૩૦૦૦૦ | |
| ૩ | શ્રી રમેશભાઈ ત્રિકમજી સોની | ૨૦૦૦૦ | |
| ૪ | શ્રી દામજી નરશી સોની-મુલુંડ | ૧૫૦૦૦ | |
| | **વરાડીયા** | | **૩૫૧૦૦૦** |
| ૧ | માઈક્રોફિનીશ વાલ્વ્સ પ્રા. લિ.-હુબલી | ૨૦૦૦૦૦ | |
| ૨ | શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ એન્ડ મહાજન ફન્ડ્સ ટ્રસ્ટ | ૧૦૦૦૦૦ | |
| ૩ | મે. ડાગા ચેરીટેબલ ટ્રસ્ટ-કોઈમ્બતુર | ૫૧૦૦૦ | |

| | | | |
|---|---|---|---|
| | **જનરલ ફંડ** | | **૬૭૩૨૨૪** |
| ૧ | માનવજ્યોત | ૧૦૦૦૦૦ | |
| ૨ | મીનીશા ઈંડિયા લી. | ૧૦૦૦૦૦ | |
| ૩ | મેસર્સ કેડેટ્રોનિક્સ | ૯૦૦૦૦ | |
| ૪ | એક સદ્‌ગૃહસ્થ | ૭૧૦૦૦ | |
| ૫ | શ્રી કેડીઓ મંડળ ડોંબિવલી | ૩૬૦૦૦ | |
| ૬ | શ્રી મણીકાંત વિશનજી નાગડા | ૩૧૦૦૦ | |
| ૭ | જવાહીર ચેરીટેબલ ટ્રસ્ટ | ૩૦૦૦૦ | |
| ૮ | શ્રી વિપુલ ઠાકરશી લોડાયા (ધરમશી) | ૩૦૦૦૦ | |
| ૯ | શ્રી આશિષ બુદ્ધિધન મોમાયા | ૨૫૦૦૦ | |
| ૧૦ | શ્રી ઉમરશીભાઈ કુરૂવા હ. શ્રીમતી ચૌલાબેન કુરૂવા-અમદાવાદ | ૨૦૦૦૦ | |
| ૧૧ | શ્રી ધીરેન્દ્ર આણંદજી ખોના ચેરીટેબલ મેમોરીયલ ટ્રસ્ટ-ગાંધીધામ | ૧૫૦૦૦ | |
| ૧૨ | મહાવીર શીપીંગ એજન્સી હ. શ્રી શામજી નરશી દંડ | ૧૫૦૦૦ | |
| ૧૩ | શ્રી પદમભાઈ લાલજી લોડાયા-ડોંબિવલી | ૧૫૦૦૦ | |
| ૧૪ | હંસકુમાર એલ. છેડા એચ.યુ.એફ. | ૧૧૧૧૧ | |
| ૧૫ | ભાવિક હંસકુમાર છેડા એચ.યુ.એફ. | ૧૧૧૧૧ | |
| ૧૬ | જયશ્રી નવીન જૈન, સી.એ. | ૧૧૦૦૧ | |
| ૧૭ | નક્ષ તોરલ પ્રતિક શાહ-સુજાપુર | ૧૧૦૦૦ | |
| ૧૮ | શ્રીમતી દક્ષા હંસકુમાર છેડા | ૧૧૦૦૦ | |
| ૧૯ | લુઠીયા એન્ડ કાું. | ૧૦૦૦૦ | |
| ૨૦ | શ્રી પ્રકાશ લાલજી મૈશેરી | ૫૦૦૧ | |
| ૨૧ | શ્રી પંકજ પાટોડિયા | ૫૦૦૦ | |
| ૨૨ | નયનાબેન અશોક લાપશીયા-દલતુંગી | ૫૦૦૦ | |
| ૨૩ | શ્રી મેઘજી ભાણજી શાહ | ૫૦૦૦ | |
| ૨૪ | દીપા મનીષ છેડા | ૫૦૦૦ | |
| ૨૫ | શ્રી બી. ટી. ડાઘા | ૫૦૦૦ | |
| | કુલ રૂા. | ૫૭,૩૪,૫૧૫ | **૫૭,૩૪,૫૧૫** |

શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ના ૨૮૯ વિદ્યાર્થીઓએ કુલ રૂા. ૬૭,૫૩,૯૩૮/- શાળા ફી સહાય અર્થે અરજીઓ કરેલ.

૮ વિદ્યાર્થીઓને રૂા. ૯૯,૭૫૫/-ની ફી સહાય શ્રી રાવસાહેબ શાહ ગોવિંદજી ખીમજી ચેરીટેબલ ટ્રસ્ટ-ધુલીયા તરફથી આપેલ છે. તેમજ સાંયરા ગામના ૬ વિદ્યાર્થીઓને રૂા. ૧,૨૨,૮૦૯/-ની ફી સહાય સાંયરા મહાજને આપેલ છે.

મહાજનો અને દાતાઓની ભૂરી ભૂરી અનુમોદના. સહૃદય અપીલ કરીએ છીએ કે સંસ્થા તેની શૈક્ષણિક પ્રવૃત્તિ સરળતાથી પૂરી કરી શકે તે હેતુ સાથે આપશ્રી આવી જ રીતે સંસ્થાને ડોનેશન મોકલાવી સહાય કરતા રહેશો.

સંસ્થા પ્રત્યે આજ રીતે સ્નેહ ભરેલું ઝરણું આપ સર્વે તરફથી સતત વહેતું રહે તેવી આજના દિને શુભેચ્છા. આ બદલ આપશ્રી દાતાઓનો ખૂબ ખૂબ આભાર અને ઋણ સ્વીકાર.

**લિ. સંસ્થાના ટ્રસ્ટીઓ તથા અધિકારીઓ**

દષ્ટિ કોણ

# રાજકારણથી એલર્જી કેમ ??

એડ. કેતન મધુકાંત લોડાયા-કોઠારા (ગાંધીધામ), મો.:૯૮૭૯૫૨૨૬૪૨



**રાજકારણમાં આપણી દેખાતી નિષ્ક્રિયતા,**
**પણ અંદરોઅંદર કેમ ષડયંત્રો રચાતાં ??**

સમગ્ર ભારત નહિં પણ દેશ દુનિયાની નજર છે તે લોકસભાની ચૂંટણીનું રણશીંગું ફૂંકાઈ ગયા બાદ આ ચૂંટણીને આગામી ૨૦૫૦ના વિકિસત ભારતના રોડમેપ સાથે સરખાવામાં આવી રહી છે પણ આ વિકસિત ભારતમાં આર્થિક રીતે આપણે યોગદાન આપતા હોઈએ તો આપણો સમાજ રાજકારણમાં નિષ્ક્રિય કેમ છે? છેલ્લા ૭૫ વર્ષના ઈતિહાસ માં ડોકિયું કરીએ તો આપણી સામે આંગળીના વેઢે ગણી શકાય એટલા પણ નામો નહિ મળે. આપણે તો સેવા પરમો ધર્મને ચરિતાર્થ કરવામાં માનીયે છીએ. સેવાકીય સંસ્થામાં હંમેશા તન-મન અને ધન થી આગળ આવીએ છીએ પણ રાજકારણનું નામ સાંભળીને એની એલેર્જી કે સૂગ કેમ ચડે છે? ચૂંટણીની મોસમ છે, તમને લોભ લાલચ આપી વોટ કરવા અપીલ કરશે પણ તમે કોઈ ભ્રામક વાતોમાં આવ્યા વગર આપણી જવાબદારીરૂપે વોટ જરૂર કરશો એ વિનંતી છે. આપણે એક વોટ આપી આવ્યા એ એક આપણી ફરજ છે પણ આપણા જેવા સારા માણસો જો આગળ નહી આવે તો રાજકારણ ખરાબ છે એમ કહેવાનો આપણે કોઈ હક નથી. આપણા જેવા ભણેલા રાજનીતિથી દૂર રહેશું તો અભણ સતામાં રહીને આપણને શીખવાડશે કે શું કરવું ને શું ના કરવું. આપણને એ નક્કી કરવાનું છે કે આપણે રાજા બનીને લડવું છે કે કોઈક વાંદરાના હાથમાં તલવાર આપવી છે.

**અન્ય સંસ્થામાં સક્રિય તો રાજકારણમાં કેમ નહિં ?**

એમ તો રાજકારણ આપણા લોહીમાં વસે છે અને આપણા જેવો કોઈ રાજનીતિનો ચાણક્ય જ નથી તેવું માનીયે છીએ. કયો દાવપેચ ક્યારે કરવો તે ખુબ જાણીએ છીએ પણ તે બધા દાવપેચ આપણી વચ્ચે જ એકબીજાને નીચે ઉતારી પાડવામાં જ ઉપયોગ કરીએ છીએ. આપણે રાજકારણની અલગ નથી  રાજકરણનો ઘર-ઘર માં પણ હોય છે પણ રાજનીતિ માટે  જાહેરમાં આગળ આવતા નથી. આપણે આપણી સંસ્થાઓમાં તો અગ્રેસર છીએ અને સાથે સાથે અન્ય સામાજિક સંસ્થા કે ગ્રુપ સાથે જોડાયેલા છીએ, પણ કોઈ રાજકીય પક્ષો સાથે જોડાતા નથી કે રાજકીય પક્ષો સાથે ઘરોબો ધરાવતા નથી. આપણે તો વાણીયા એટલે કે વેપારી અને વેપારીને રાજકારણથી શું લાગે કે વળગે? આપણને આ ફાવે નહિં એવા શબ્દો પણ સાંભળવા મળે છે અને આવા જ વ્યકિતઓ સમાજમાં રાજકારણ રમી પોતાનો દબદબો જાળવવા આવું કરતા હોય છે અને કામ કરવા ઇચ્છતા વ્યક્તિઓને આગળ આવવા દેતા નથી. હવે તો સ્ત્રીઓ માટે પણ લોકશાહીમાં આગળ આવવા માટે ખાસ ખરડા પાસ કરવામાં આવ્યા છે પણ આપણે આગળ આવતા નથી કે તેમને આવવા દેતા નથી. આજે પણ આપણી કેટલીક સંસ્થાના બંધારણ પણ એટલા જુના છે કે ત્યાં લોકશાહીને કોઈ સ્થાન જ નથી કે હોદા ઉપર સરમુખત્યારશાહીથી બેઠેલા મહાનુભાવો સમાજમાં પારદર્શકતા લાવવા માંગતાં નથી.

**રાજકારણ થી સતા મેળવી તેના અનેક ફાયદા ...**

એક કહેવત છે ને મોટામાં મોટી ખાણ એ આપણી ઓળખાણ છે. આપણું રાજકારણ થકી સમાજમાં વજન વધશે અને એ ક્યારેક આગળ કામ આવશે. કોઈ હોદ્દા કે સતાની લાલચ ના રાખીએ પણ અમુક વખતે જે કામ લાગવગ કે પૈસાથી ના થાય એ રાજકીય વગદારના કહેવાથી થઇ જતું હોય છે. ફક્ત સતા નહીં, તમારા વિચાર રજુ કરવા કે તમે ધારેલા સારા કાર્યો કરવા પણ એક ખુલ્લો મંચ મળે છે.આપણા સમાજને આગળ લાવવા માટે અને આપણે જે કાર્યો કરીએ છીએ તેમાં કોઈ અડચણ ના આવે તે માટે પણ રાજકારણમાં સક્રિયતા જરૂરી છે અને એ સક્રિયતા આવનારા સમયમાં આપણી સંસ્થા ઉપર કે આપણા ભાઈ બહેનો ઉપર આવનારી કોઈ આફત સામે રક્ષણ મેળવવા સુરક્ષાકવચ માટે ક્યારેક સતા પણ આપણા હાથ માં હોવી જોઈએ. ક્યારેક આપણા પરિવારો માટે કોઈ લાભ મેળવવાનો હોય, સંસ્થામાં યોગદાન મેળવવાનું હોય, કાયદાકીય ગૂંચમાં ફસાયેલ આપણો સમાજ હોય, કે આપણા મિલ્કતો ઉપર ગેરકાયદેસર થતાં દબાણો હોય, એ બધામાં આપનો જ ભાઈ

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

ક્યાંક સરકારની સતામાં હશે કે આપણું પ્રતિનિધિત્વ હશે તો જ આપણે બીજે હાથ ફેલાવવો નહી પડે કે કોઈ સામે માઈબાપ કરવું નહિ પડે. અને તે માટે પ્રથમ પગથિયું છે રાજકારણ માં આપણી સક્રિયતા .

**અંદરોઅંદર રાજરમત મૂકી આગળ વધીએ...**

સમાચાર વાંચીને ધારી લઈએ છીએ કે એમાં આપણું કામ નથી એટલે જ ખોટા કામ કરનારા ફાવી જાય છે. ઘણા એવું પણ વિચારે છે કે આપણા સિદ્ધાંતો અને વિચારધારા રાજકારણમાં બંધબેસતા નથી. આજકાલ સસ્તી પ્રસિદ્ધિ માટે પણ રાજકારણમાં જતા હોય છે ને ૨-૪ નેતા સાથે ફોટો પડાવીને પોતાને મોટો નેતા ચીતરતા હોય છે. આપણે તો કોઈ હોદા માટે સેવા કરતા નથી અને રાજકારણ એ માત્ર કમાવવાનું સ્થળ નથી એ પણ એક સેવાનું માધ્યમ છે. પણ ક્યારેક સેવાથી પણ વધુ આપણા સમાજને સુરક્ષા અને સ્થિરતા માટે આપણી પાસે કોઈક સત્તા હશે તો એનો સદઉપયોગ કરીને કોઈકને કામ લાગશે. પણ એ સારા પાસા જોતા નથી ને આપણે રાજરમત આપણી જ વચ્ચે રમીએ છીએ. કોઈ આગળ વધતો હોય એને કેમ નીચે ખેંચવો એના કરતા એનો હાથ પકડીને એને પણ આગળ આવવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડીએ જેથી સમાજને એક મજબૂતાઈ આપી શકાશે. સમય સાથે સમાજના ઉત્થાન માટે સરકાર સાથે સમન્વય કરવા રાજકારણમાં આપણે આગળ આવવું જ પડશે અને સમયની માંગ મુજબ જાગૃતિ લાવવી જ પડશે. સમાજમાં રાજકારણ રમવાનું છોડી, કાયદાના દાયરામાં રહીને રાજકારણમાં આગળ વધો અને સમાજને પણ એકબીજાનો સાથ આપીએ, કોઈનો હાથ પકડીને આગળ લઈ જવા મદદ કરશો તો સેવાની કલગીમાં ચાર ચાંદ લાગશે.


❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA

• પારસી ભરત અને બટકસબની સાડીઓ તૈયાર તેમજ ઓર્ડરથી • સાચી જરીની સાડીઓ બોર્ડર • જુના સાચા ઘરચોળા • કસબના ચણીયા-ચોલી બજારથી વધારે ભાવથી વેંચવા મહાવીર-માટુંગા લઈ આવો, તરત જ ફાઈનલ.

**શ્રી મહાવીર એમ્બ્રોયડરી**

રાજ નિકેતન બિલ્ડીંગ HDFC ની બાજુમાં, ફુલ ગલ્લીની સામે,

માટુંગા સે.રે. ૮૬૫૨૨ ૩૯૫૩૭ / ૯૮૩૩૯ ૧૬૫૧૦ સોમવારે બંધ

❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA


## श्वेत रँग से... अब तो...
## हमें भी लगता है... ड़र भारी...!

जी... हाँ..., श्वेत रँग से..., अब तो हमें भी...;
लगता है... ड़र भारी...!

श्वेत रँग है... अज़ीबोग़रीब निराला...,
उसमें छीपा है... सारे रँगों का... फ़लसफ़ा निराला...!

कहते है..., श्वेत रँग होता है... शाँति का प्रतिक...;
पर हमने तो पाया... उसके नीचे... विकृति का प्रतिक...!

चलो..., आज हम आपको..., करवाते है... परीचय...;
श्वेत रँग के... कारनामों से...!

श्वेत रँग पहनकर..., करें ब्यौपारी... अपनी मनमानी...;
गरीब जनता को लूटें... लेकर दाम भारी...!

श्वेत रँग पहनकर... डॉक्टर करें ठगाई...,
जिसे माना भगवान का दुजा रूप...;
वह भी लूटें... बनकर कसाई...!

श्वेत रँग पहनकर, बनी है... जो सिस्टर (परीचारिका)...,
वोह भी करें ना... सेवाशुश्रूषा... बिना लिये रिश्वत...!

श्वेत रँग पहनकर... बनें जो राजनेता...,
करें वोह भी... प्रजातँत्र पर... त्रासदा...!

अरे..., यह तो कुछ भी नहीं...,
अब तो..., धर्मक्षेत्र भी... ना रहा अछूता...!
इस श्वेत रँग के... अनोख़े दुष्प्रभाव से....!!!

पहनकर श्वेत रँग... बनें जो सँतसाधू...,
भोलीभाली जनता को तो... बनायें... अपना भालू...!

सुना था..., रावण भी विद्वान था...,
पर... विद्वान भी... रावण हो सकता है...;
यह अचरज़ वाली... बात है...!

माना कि... ब्यौपारी भी... साधूसँत... हो सकता है...,
पर... साधूसँत भी... ब्यौपारी... बन सकता है...;
यह बड़े ही अचरज़ की...,
और... पहेली वाली... बात है...!!!

जी... हाँ..., श्वेत रँग से..., अब तो हमें भी...;
लगता है... ड़र भारी...!!!


**– महेश काँतीलाल भवानजी मोता**
(जलगाँव कुआपध्धर) मो. नं.: ९४०४४ ९२८३०

આરોગ્ય પ્રકાશ

# કેન્સરના વધતાં કેસ અને તેના કારણો (૨)



- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઈ), **M : 8369077978**

**૧૧) સ્ટ્રેસ (તાણ) :** આજકાલ નાના બાળકથી માંડી મોટાઓ સૌ કોઈ તાણનો અનુભવ કરે છે. લાઈફસ્ટાઈલને લીધે વધતા ઓછા પ્રમાણમાં બધાને સ્ટ્રેસનો સામનો કરવો પડે છે. જનરલ ઓન્કોલોજી એન્ડ લીહેવીઓરલ સાયન્સના પ્રોફેસર લોરેન્જો કોહેને રીસર્ચ કરીને કહ્યું છે કે સ્ટ્રેસ જો સતત કોઈ વ્યક્તિને સહન કરવું પડે તો તે કેન્સરનું જોખમ વધારી દે છે તેથી જ સ્ટ્રેસ થાય તેવી સ્થિતી ટાળો, મનની શાંતિ મેળવવા ધ્યાન-મેડીટેશનરો.

**૧૨) સૂર્યપ્રકાશ :** સૂર્યપ્રકાશ વિટામીન 'ડી' માટે જરૂરી છે પણ તેમાં રહેલ અલ્ટ્રા વાયોલેટ કિરણો ચામડી પર વધુ પડતાં પડે તો ત્વચાનું કેન્સર થઈ શકે છે તેથી ગરમીના દિવસોમાં મધ્યાહ્નના સમયના તડકામાં રહેવાનું ટાળો અથવા છત્રી, હેટનો ઉપયોગ કરી શરીર ઢંકાય તેવું પરિધાન કરી ત્વચાને બચાવો, સૂર્યકિરણોથી બચવા સનસ્કીન લોશનનો ઉપયોગ કરાય છે પણ તેનાથી પણ સાઈડ ઈફેક્ટ થાય છે તેથી તેને પણ ટાળો.

**૧૩) એરફ્રેશનર અને ડીઓડરન્ટ :** એરફ્રેશનર, ડીઓડરન્ટ, બેસીન, ટોયલેટમાં મુકાતી ફીનાઈલની ગોળીઓ વગેરેમાં નેપ્થલીન અને Para diachbro benzene કેમિકલ્સ હોય છે જે હવામાં ફેલાઈ ફેફસા દ્વારા શરીરમાં પ્રવેશી દમ, એલર્જી અને કેન્સરજનક અસર ઉત્પન્ન કરે છે.

**૧૪) આઈસ્ક્રીમ :** બજારૂં આઈસ્ક્રીમને વેનીલા સ્વાદ આપવા પાઈપ્રોહલ નામનું રસાયણ જે માથાની જુ મારવા વપરાય છે તે નખાય છે. આઈસ્ક્રીમને ઘટ્ટ રાખવા ઈંડા વપરાય છે. પણ ઈંડા મોંઘા પડતા હોવાથી ડિએથીલીન ગ્લાયકોસ નામનું રસાયણ જે રંગોના ડાઘ કાઢવા વપરાય છે, કેળાની ફ્લેવર આપવા એમીલ એસેટેટટ નામનું રસાયણ છે જે કાપડ અને ચામડું કસાવવામાં વપરાય છે તે નાખવામાં આવે છે, બદામ-પિસ્તા ફ્લેવર માટે બુટીરાલડીહાઈડ નામનું રસાયણ જે રબર સિમેન્ટ બનાવવા વપરાય છે, તે નખાય છે. આ બધા રસાયણો હાનિકારક છે અને કેન્સરકારક છે.

**૧૫) મોમોસ, બર્ગર, પીઝા અને બીજી મેંદાની ચીજોઃ** આ સર્વ આરોગ્ય માટે નુકશાનકર્તા છે જે સાથે સાથે યુવાનોમાં ગુદાદ્વારનું કેન્સર, હાર્ટ પ્રોબ્લેમ, ડાયાબીટીઝ યુવાવર્ગને થઈ રહ્યાં છે. મોમોસ વગેરેમાં 'અઝીનોમોટો' વપરાય છે જે ખૂબ જ નુકશાનકારક છે.

**૧૬) નકલી પનીર :** ખરાબ દૂધ, લોટ, ડીટરજન્ટ પાવડર પામોલીન તેલ, ગ્લીસરીલ મોનોસ્ટીરેટ પાવડર અને સલ્ફયુરીક એસીડ જેવા આરોગ્યને નુકશાનકર્તા પદાર્થોથી નકલી પનીર બનાવે છે જે ખાવાથી કેન્સર થઈ શકે છે. પામોલીન તેલ ખરાબ છે તે આપણે જાણીએ છીએ પણ સસ્તુ છે અને તેમાં તળેલા પદાર્થ જલ્દી સ્વાદમાં ખરાબ થતા નથી તેથી ફરસાણ, તળેલા ફાસ્ટફૂડમાં ઘણુખરું તે જ વપરાય છે. ચોકલેટ, કેડબરી, બિસ્કીટ અને એવા અનેક પદાર્થમાં પામ તેલ વપરાય છે જે હાર્ટ અને કોલેસ્ટ્રોલની બિમારી આપે છે.

**૧૭) ટી-બેગ :** ગરમ દૂધમાં 'ડીપ-ડીપ' (ડુબાડો) કરી તરત જ ચા તૈયાર થાય તે ખાસ કરીને હોટલ રૂમ્સમાં અપાય છે અને ચાના શોખીન દરેક તેનો ઉપયોગ કરે જ છે. તેમાં ephichlorohydrin નામનું કેમીકલ હોર્મોનલ ઈનબેલેન્સ અને કેન્સરકારક છે. નાયલોન ટી-બેગમાં polypropylene હોય છે જે ગરમ દૂધ કે પાણીમાં નાખતા ખૂબજ ઘાતક રૂપમાં ફેરવાય છે જે કેન્સરકારક છે. તે ઉપરાંત તેમાં કેટલાક માઈક્રો પ્લાસ્ટીક અને નેનોપ્લાસ્ટીક હોય છે જે આરોગ્ય માટે હાનિકારક છે અને કેન્સરકારક છે તે ઉપરાંત તેમાં ફંગસ અને બીજા બેક્ટેરીયા હોવાની પણ શક્યતા છે.

**૧૮) પ્લાસ્ટીકની પાણીની બોટલ :** પ્લાસ્ટીકનો વિરોધ તેની ઘાતકતા માટે થયો જ છે છતાં ઘરની બહાર નીકળતા પાણી માટે આ બોટલનો ઉપયોગ થાય જ છે. બાળકોને સ્કુલ માટે પણ વિવિધતા ભરી પ્લાસ્ટીક બોટલ્સ અપાય જ છે. આ બોટલ્સ (કારમાં રાખી હોય કે સ્કુલ બેગમાં બહાર રખાતી બોટલ્સ) સૂર્ય પ્રકાશમાં તપતા ડાયોક્સીન નામનું કેમીકલ ઉત્પન્ન થાય છે જે કેન્સરકારક છે.

આ ઉપરાંત સાધારણ બાબતો દા.ત. તેલમાં એકવાર

તળી લીધા બાદ ફરી તળવા માટે ચડાવવું આ એક જ તેલ વારંવાર વપરાય તેમાંજ બીજુ ઉમેરી વાપરતા રહીએ તે પણ કેન્સરકારક છે. આ ઉપરાંત સાબુદાણાને ચમકદાર બનાવવાની પ્રક્રિયામાં ટીનોપોલ વપરાય છે અને તેની પ્રક્રિયામાં સલ્ફ્યુરીક એસિડ વપરાય છે. તે બંને કેન્સરકારક છે. તે જ રીતે ન્હાવા હાથ ધોવા વપરાતા સાબુમાં ફોર્મલડીહાઈડ વપરાય છે જેનાથી કેન્સર થવાની શક્યતા વધી જાય છે. ઉપરાંત સ્ત્રીઓએ ધ્યાન રાખવું કે સ્પેશ્યલ underwire bra વાપરવાથી સ્તનની આજુબાજુ લીમ્ફ સીસ્ટમના પ્રવાહને રોકે છે જે શરીરમાં ટોક્સીન વધારી કેન્સરનું કારણ બને છે. ખીલ મટાડવા clearsil, proactive, clinique જેવી દવાઓમાં બેન્ઝીન હોય છે. જે કેન્સરકારક છે. બાથરૂમમાં આજકાલ શાવરના પ્લાસ્ટીક પડદા વપરાય છે. જેમાં polyvinanyl chloride અને volatile organic compound હવામાં ઉડી શ્વાસમાં જઈ કેન્સર ઉત્પન્ન કરી શકે છે.

આ ઉપરાંત ઘરમાં રંગરોગાન કરાવીએ, ફર્નીચર બનાવતા ગ્લુ વાપરતા કે લાકડાને પોલીશ કરતાં આ સર્વેમાં ફોર્મલડીહાઈડ હોય છે. આનાથી કેન્સરની શક્યતા વધે છે. આનાથી બચવા બારી બારણા ખુલ્લા રાખી વેન્ટીલેશન સારું રાખો અને ઘરમાં ઈન્ડોર પ્લાન્ટસ્ રાખો.

આમ ઉપરની વિગતો જોતાં આપણે સૌ જીવનશૈલી બદલી થોડા કુદરત તરફ વળીએ, બને તેટલા બહારના ખાદ્ય કે તૈયાર પેકેટ્સ ત્યજી ઘરનું પૌષ્ટીક નાસ્તા-જમણ લઈએ વિટામીન ‘સી’ ની વસ્તુઓ-લીંબુ, સંતરા, અનાનસ, આવળાનો ઉપયોગ વધારી આપણી પ્રતિકારશક્તિ વધારીએ, જાડાપણું હોય તો દૂર કરીએ, બેઠાડુ જીવન ત્યજી કસરત, યોગ્ય આસન, પ્રાણાયામ, ચાલવાનું કરીએ, મોબાઈલ જેવા ગેઝેટનો ઉપયોગ ઘટાડીએ, ઉણોદરી અને સાંજે ચોવિહાર શક્ય હોય તો કરીએ જેથી રોજ આશરે ૧૪ કલાકનું ભૂખ્યા રહેવાનું થાય. (સાંજે ૬ થી સવારે ૮ કલાક, ૧૪ કલાકનો) ઉપવાસ કરવાથી પાચનતંત્ર તો મજબૂત થાય છે સાથે પ્રતિકારશક્તિ ખૂબજ વધે છે જે કેન્સર અને બીજી બીમારી સામે લડી શકે છે. (ઉપવાસ કરવાથી શરીરમાં ‘ટી’ શેલ ઉત્પન્ન થાય છે. જે કેન્સરને રોકે છે. આ શોધ માટે બે વૈજ્ઞાનિકોને નોબેલ પુરસ્કાર મળ્યા છે). (સંપુર્ણ)

## સમય બડકમદાર છે, ભાઈ

મહેલોના ખંડેરો, ગીત કરૂણ સુણાવે છે..
સમય બડકમદાર છે..!

તોતિંગ કિલ્લાઓ, મહેલોને મિજાજ હતા મોટા..
યુદ્ધ થયા મસમોટા, મોટા રાજાઓમાં અમારા માટે..!
આંગણે અમારે હાથીઓની ચિંઘાડ હતી..!
એમની અંબાડીઓનોય અસબાબ અલગ હતો..!

ઘોડાઓનો હણહણાટ હતો, અસવારોમાંય થનગનાટ હતો!
હવામાં વીરતા અને પૌરુષની રાગિનીઓ લહેરાતી હતી!
રાણીવાસમાં વિલાસિતા હતી..
સૌંદર્ય, પ્રેમ અને કલાનો રણકાર હતો..!
શું વાત કરીયે.. શું શું હતું ..!! પૂછો.. શું ન હતું..!!

ક્યારેક રત્ને જડેલી ઈમારત અમે
આજે વીરાન ખંડેર બની ઉભા છીએ..!
જેની માંહે પેસવા તલવારો ભીડાતી
આજે પ્રવાસન સ્થળ બની ઊભા છીએ..!
કોઈ રડ્યાખડ્યા આવે તો આવે અને જુવે તો જુવે..
નહીંતર પ્રવાસ ખેડી જતા રહે ..!!

સમય નામનો કોતવાલ
ઈંસાનથી લઈને ઈમારત સુધીનો
મિજાજ ઉતારવા સક્ષમ છે!
તમા એણે નથી અમારી રાખી.તમા એ નહીં તમારી રાખે!!

રૂપ અમારૂં ગયુ, એવુ તમારૂં પણ જશે..!
રૂઆબ અમારા એગાળ્યા, એવા તમારા પણ ઓગાળશે!

માણસજાતને આ યાદ કરાવતા રહેવા
અમે સમયની માર ખાધેલા ઉભા છીએ..
દર્શન અમારા કરવા આવો
ત્યારે આ ‘‘દર્શન (ફિલોસોફી)’’નું મનન કરજો..

અમારા પત્થરો મૌન રહીને છડી પોકારતા રહેશે..
સમય બડકમદાર છે, ભાઈ..!!!!

**-લીના હિરેન લોડાયા-વડોદરા(વરાડિયા)**

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

## ક.દ.ઓ.ના આગામી કાર્યક્રમો

**૨૩.૦૫.૨૪ :** પરજાઉમાં બિરાજમાન નાગડા પરીવારના કુળદેવી શ્રી અંબે માતાજીના નવ નિર્મિત મંદિરમાં માતાજીને નમતા પરજાઉ, વારાપધર, કોઠારા તથા સાંધાણના ભાવિકો દ્વારા પુનઃ પ્રતિષ્ઠા.

**૨૩.૦૫.૨૪ :** રાયપુર (છત્તીસગઢ)માં શ્રી કુંથુનાથ દેરાસર (ગુરૂ મંદિર)ની ૨૩મી વર્ષગાંઠ અને ૨૪મો ધ્વજા મહોત્સવ.

**૨૩.૦૫.૨૪ :** કદઓ વિદ્યાર્થી સંઘ મુંબઈ આયોજીત શ્રી આદિ-નેમ સંધ્યા ભક્તિ-૨૦૨૪, મેવાડ કેશરી ભવન, ભાંડુપ (વેસ્ટ).

**૦૨.૦૬.૨૦૨૪ :** શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહમાં સેમિનારઃ Importance of Career Planning by Harsha Dharamshi : ધોરણ ૮ થી ૧૨ ના વિદ્યાર્થીઓ તથા એમના વાલીઓ માટે.

**૦૨.૦૬.૨૦૨૪ :** શ્રી ક દ ઓ મંડળ, ડોંબિવલી દ્વારા શૈક્ષણિક સત્ર.

**૦૮.૦૬.૨૦૨૪ :** શ્રી વિમલનાથ જિનાલય, બાંડીઆ - ૧૮ અભિષેક સહ ધ્વજારોહણ મહોત્સવ ( લાભાર્થીઃ નિયાણી બેનો)

**૧૭.૦૬.૨૦૨૪ :** શ્રી જખૌ તિર્થ ૧૭૭ મું ધ્વજારોહણ મહોત્સવ

**૬/૭.૦૭.૨૦૨૪ :** નલિયામાં બિરાજમાન નાગડા ગોત્ર ના કુળદેવી શ્રી અંબે માતાજી ને નમતા ભાવિકો ની નલિયા મુકામે સમૂહ પહેડી અને ભક્તિ ભાવના.

**૦૭.૦૭.૨૪ :** શ્રી ક દ ઓ મંડળ ડોંબિવલી આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ

**૧૪.૦૭.૨૦૨૪ :** નલિયામાં બિરાજમાન ખોના પરીવારના કુળદેવી સચ્ચાઈ માતાજીને નમતા ભાવિકોની નલિયા મુકામે પહેડી.

**૦૧.૧૨.૨૦૨૪ :** પ્રકાશ સમીક્ષાના શતાબ્દી વર્ષની ઉજવણી, શ્રી ષણ્મુખાનંદ હોલ, કિંગ સર્કલ.

## સમાચાર

### છત્તીસગઢ મહાજનના પ્રમુખ પદે ચંદ્રેશભાઈ છેડા

છત્તીસગઢ કદઓ જૈન જ્ઞાતિ મહાજન રાયપુરની વર્ષ ૨૦૨૪-૨૭ સુધીની ત્રણ વર્ષની મુદત માટે ચંદ્રેશભાઈ વીરચંદ છેડા (સુજાપુર-રાયપુર) નિર્વિરોધ અધ્યક્ષ પદે ચૂંટાઈ આવ્યા છે. આ ઉપરાંત સ્વતંત્ર રીતે કારોબારીની પસંદગી કરવાનો પણ સર્વ સંમતિથી ઠરાવ મંજુર કરાયો હતો. કારોબારી નીચે મુજબ પસંદ કરાઈ છે.

પ્રમુખઃ ચંદ્રેશભાઈ છે, ઉપપ્રમુખઃ ભૂપેન્દ્રભાઈ ગોવિંદજી મોમાયા, મંત્રીઃ કિશોર મેઘજી મોતા, સહમંત્રીઃ હિતેશ શરદ મોમાયા, કોષાધ્યક્ષઃ હરીશ શિવજી શાહ.

કારોબારી સભાસદ : હીરાચંદ કુંવરજી મૈશેરી, હીતેશ મોતીચંદ શાહ, દીપક મેઘજી લાલકા, મનીષ ઉત્તમચંદ લોડાયા, ભાવિક શશીકાંત શાહ, જિનેશ ગીરીશ શાહ, નયન સતીશ છેડા, અંકિત યોગેશ દંડ (ભિલાઈ), નીતેશ ઉમરશી મૈશેરી. ટ્રસ્ટીમંડળ : ખીમજી નેણશી મોતા-ભાટાપારા, મનહર ચત્રભુજ શાહ-રાયપુર, કુલીનકાંત ખેતશી જીવાણી-રાયપુર, ભૂપેશ ઉમરશી શાહ-ધમતરી, હરીશ ઝવેરચંદ લોડાયા-રાયપુર, સ્થાયી આમંત્રિત : પ્રમુખ અને મંત્રી ક.દ.ઓ. જૈન યુવા મંડળ તથા પ્રમુખ અને મંત્રી કુથુનાથ મહિલા મંડળ-રાયપુર.

### મનુભાઈ પંચોળી દર્શન ફાઉન્ડેશન પુરસ્કાર

ગુજરાતી ભાષાના મોટા સાહિત્યકાર, પત્રકાર મનુભાઈ પંચોળી, દર્શન ફાઉન્ડેશન દ્વારા વર્ષ ૨૦૨૩નો સાહિત્ય એવોર્ડ નરોત્તમભાઈ પલણને અને નારી ઉત્થાન તથા બાળ કલ્યાણ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી બજાવતી સંસ્થા કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહ, જામનગરને ગ્રામ પુનર્રચના સેવા એવોર્ડ એનાયત કરાયો હતો. નરોત્તમભાઈ પલણ સાહિત્યકાર ઈતિહાસકાર, પુરાતતત્વવિદ સંશોધક શિક્ષકની બહુમુખી ભૂમિકામાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે.

### વિગતવાર સમાચાર મોકલવા નિવેદન

જ્ઞાતિ સંસ્થાઓ, મહાજનો, મંડળોની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના વિગતવાર સમાચારો ફોટોગ્રાફ સાથે સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલવા નિવેદન. તે ઉપરાંત વિશેષ શૈક્ષણિક, સામાજીક, સાંસ્કૃતિક તથા રમતગમત ક્ષેત્રની સિદ્ધિઓની વિગતો પણ ફોટોગ્રાફ સાથે મોકલવા વિનંતી. આપે મોકલેલા વિગતવાર સમાચારોને યથાયોગ્ય રીતે પ્રકાશિત કરવાનો અમારો પ્રયાસ રહેશે. **- તંત્રી મંડળ**

# શ્રી નલીયા નાગડા ગોત્રના શ્રી અંબા માતાજીના નવા ભૂવા માટેનો કાર્યકર્મ ખૂબજ સરસ રીતે સંપન્ન થયો

તારીખ ૧૯/૪/૨૪ થી ૨૩/૪/૨૪ દરમ્યાન શ્રી નલીયા નાગડા ગોત્રના શ્રી અંબા માતાજીના ભૂવા માટેનો કાર્યકર્મ ખૂબજ સરસ રીતે થયો હતો મુંબઈ તેમજ દેશાવરથી ભાવિકો આ કાર્યક્રમ માટે પધાર્યા હતા.

શેઠ શ્રી કુસુમકાંત વર્ધમાન જીવરાજ નાગડા (ગાંધીધામ) જયારે તેઓ ૮ વર્ષના હતા ત્યારે ભુવા બનેલ. એમનું ૨૨ જૂન ૨૦૧૮ ના ૭૮ વર્ષની આયુએ અવસાન થયેલ. આમ ૭૦ વર્ષ સુધી માતાજીના ગાદીપતિ તરીકેની સેવા આપેલ. નાગડા ગોત્રની ઉત્તરોતર ઉન્નતિ થયેલ. કોરાના વગેરેના ૬ વર્ષના અંતરાલ બાદ ૨૩/૪/૨૪ના વહેલી સવારે ચિ. તરંગ ગિરીશ શામજી નાગડા (નલીયા) ૧૮ વર્ષની આયુના ભાવિક નાગડા ગોત્રને નવા ગાદીપતિ તરીકે મળેલ.

તા. ૧૯/૪/૨૦૨૪ના સંપૂર્ણ મંદિરનું શુદ્ધિકરણ તેમજ ભાવિકો દ્વારા નગર દર્શન તેમજ અસપાસના દેવસ્થાનોને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

તા. ૨૦/૪/૨૦૨૪ના સવારે શાંતિ સ્નાત્રપૂજા, ભકતી ભાવથી નિમાલ તેમજ રાત્રે સંગીતકાર આરતી સાવલાના સથવારે ભક્તિ ભાવના તેમજ રાસગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તિ ભાવના બાદ મહા આરતી કરવામાં આવી હતી. આરતીમાં થયેલ ચડત શ્રી નલીયા પાંજરાપોળને અર્પણ કરવામાં આવી .

તા. ૨૧/૪/૨૦૨૪ના પ્રભુ મહાવીરના જન્મ કલ્યાણકના દિવસે સવારે પ્રભુની રથયાત્રા તેમજ નાગડા ગોત્રના ભાવિકો તરફથી સંપૂર્ણ નલીયાવાસીઓ સાથે સ્વામીવાત્સલ્ય આયોજન કરવામાં આવ્યું હતું. નાગડા ગોત્ર તરફથી બપોરે પ્રભુ મહાવીર પંચકલ્યાણક પૂજા ભણાવામાં આવી હતી રાત્રે પ્રભુજીની ભવ્ય આંગી તેમજ ૧૦૮ દિપની મહા આરતી કરવામાં આવી હતી.

તા. ૨૧/૪/૨૦૨૪ના શ્રી ગોવીંદજીભાઈ લાલજી પટેલ (સાંધવ)ના માર્ગદર્શન હેઠળ નૂતન ભુવા બનાવવાની વિધિની શુભ શરૂઆત કરવામાં આવી હતી. શ્રી ગણપતિ સ્થાપના તેમજ કળશ સ્થપનાથી શરૂઆત કરવામાં આવી હતી. લગાતાર બે દિવસ રાત્રી સમયમાં ભૂવા બનવાની વિધિઓ ચાલી હતી તેમાંથી એક નવ યુવાન એવા ચિ. તરંગભાઈ કળશ ઉંચકી નવા ગાદીપતિ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. તેમને હર્ષ ઉલ્લાસથી વધાવી લેવામાં આવ્યા હતા.આમ નાગડા ગોત્ર માટે ચિ. તરંગભાઈ નવા ભુવા થયા હતા. તેમને શેઠ શ્રી કુસુમકાંતભાઈની જગ્યાએ નવા ગાદીપતિ તરીકે બેસાડવામાં આવ્યા હતા એ ખુશાલીમાં બીજા દિવસે સંપૂર્ણ નલીયાવાસીઓ સાથે સ્વામીવાત્સલ્ય યોજવામાં આવ્યું હતું. માતુશ્રી તારાબાઈ લહેરચંદ નાગડા (ઘાટકોપર) પરિવાર તરફથી સંઘ પૂજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમની સફળતા માટે શ્રી નાગડા ગોત્ર ભુવા કમિટીની મહેનત રંગ લાવી હતી. સહ દાતા પરિવારોનો પણ સિંહફાળો રહ્યો હતો.

પુષ્પાબેન કુસુમકાંત નાગડા, તારાબેન લહેરચંદ નાગડા, સરલાબેન લઘુભાઈ નાગડા, લક્ષ્મીબેન પદમશી નાગડા દ્વારા વડીલ તરીકેનું સંપૂર્ણ માર્ગદર્શન મળ્યું હતું.

હંસાબેન દિનેશ નાગડા તેમજ શુશીલાબેન લક્ષ્મીચંદ નાગડાનો ત્રણે દિવસ સ્નાત્રપૂજા તેમજ પંચકલ્યાણક પૂજા, જુહાર તેમજ વિધિની સામગ્રી માટે સહકાર મળ્યો હતો.

શ્રી નલીયા મહાજન, શ્રી નલીયા દેરાસર, શ્રી ચંદ્રપ્રભ અતિથિ ભવનના ટ્રસ્ટી તેમજ કર્મચારીઓનો સુંદર સહકાર મળ્યો હતો. અમે સર્વેનો અહીંથી આભાર વ્યક્ત કરીએ છીએ.

પાંચ દિવસ એકજ રસોડે શ્રી સંજયભાઈ જોષીએ મનગમતા ભોજન પિરસ્યા હતા. મંડપ અને લાઈટિંગ માટે કિરણભાઈ મોતાનો સાથ મળ્યો હતો. એમનો પણ ખુબ ખુબ આભાર.

એક નાગડા ગોત્ર એવું છે કે છેલ્લા ૬૪વર્ષ થી એકજ સ્થાને પહેડીનો પ્રસંગ ઉજવે છે અને પહેડીનો કોઈ લાભાર્થી પરિવાર હોતો નથી. ત્યાં સ્થાને રાખેલ પેટીમાં વર્ષ દરમિયાન જમા થયેલ રકમમાંથી જ આ પહેડી પ્રસંગ ઉજવાય છે. આમ દરેક ભાવિકોને લાભ મળે છે.

શ્રી અંબામા ની પ્રતિમા પણ શ્રી જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશીનાથાના હસ્તે સ્થાપિત થયેલી છે. પ્રાતઃ સ્મરણીય શેઠનો આટલો પ્રભાવ હોય તો પ્રતિમાનો પણ એટલોજ અચિંત્ય પ્રભાવ છે. દેશ દેશાવરથી નાગડા ગોત્રના ભાવિકોની સતત અવરજવર ચાલુ રહે છે.

આ વર્ષની ૬૫મી સમૂહ પહેડી તા. ૭/૭/૨૦૨૪ના રોજ ઉજવવાનું નક્કી થયેલ છે.

**આભાર**

**શ્રી નાગડા ગોત્ર ભુવા કમિટીના જય અંબે મા**

શ્રી કુળદેવી શ્રી અંબે માતાય નમઃ

# શ્રી નલીયા કુળદેવીશ્રી અંબેમાંને નમતા નાગડા ગોત્રના ભાવિકો દ્વારા ભુવાશ્રીના કાર્ય માટે ઉદારદિલ લાભાર્થી પરિવારોની નામાવલિ

**વિ.સં. ૨૦૮૦, ચૈત્ર સુદ-૧૧, શુક્રવાર, તા. ૧૯.૦૪.૨૦૨૪ થી ચૈત્ર સુદ-૧૫ (પૂનમ), મંગળવાર, તા. ૨૩.૦૪.૨૦૨૪**

## લાખેણા દાતાશ્રી પરિવાર

રૂા. ૧૦૦૦૦૦ માતુશ્રી જેઠીબાઈ ખીમજી નાગડા
હસ્તે. વૃષ્ટિ હિતેશ નાગડા, હેનલ હિતેશ નાગડા – નલીયા (અમદાવાદ)

રૂા. ૧૦૦૦૦૦ માતુશ્રી હીરાવંતીબેન રામજી નાગડા (પટેલ) પરીવાર
હસ્તે. શૈલેશ રામજી નાગડા – નલીયા (વડોદરા), ઉપેન્દ્ર રામજી નાગડા

## આધારસ્થંભ દાતાશ્રી પરિવાર

રૂા. ૫૧૦૦૧ શ્રીમતી મીરાબેન જયંત નાગડા હસ્તે. કૃણાલ જયંત નાગડા (ડોંબીવલી)

રૂા. ૫૧૦૦૦ શેઠશ્રી હીરજી ભારમલ નાગડા પરીવાર – નલીયા (ઘાટકોપર)

રૂા. ૨૫૦૦૦ માતુશ્રી હંસાબેન દિનેશ નાગડા
હસ્તે. રશ્મી વર્ધમાન નાગડા દીપાલી ચંદ્રેશ નાગડા–નલીયા (વડોદરા)

રૂા. ૨૫૦૦૦ માતુશ્રી હીરાવંતીબેન રામજી નાગડા (પટેલ) પરીવાર
હસ્તે. રાજેશ રામજી નાગડા – નલીયા (વડોદરા)

રૂા. ૨૫૦૦૦ માતુશ્રી લીલાવંતી હીરાચંદ નાગડા હસ્તે. સીમા અને વિધી (પનવેલ)

રૂા. ૨૫૦૦૦ માતુશ્રી તારાબાઈ લહેરચંદ શિવજી નાગડા પરીવાર – નલીયા (ઘાટકોપર)

## સહયોગી દાતાશ્રી પરિવાર

રૂા. ૧૫૧૨૦ શ્રી મહેશ દામજી નાગડા (નલીયા– ડોંબીવલી)

રૂા. ૧૫૦૦૦ શ્રી નરશી લઘા નાગડા (ધુમ) હસ્તે. ટોકરશી, ગિરીશ, ખુશાલ નાગડા પરિવાર – નલીયા

રૂા. ૧૧૧૧૧ માતુશ્રી વાલબાઈ ખીમજી પુનશી નાગડા (બૂરહાનપુર– નલીયા)

રૂા. ૧૧૦૦૧ માતુશ્રી અરુણાબેન પ્રતાપ માણેકજી કુંવરજી નાગડા

રૂા. ૧૧૦૦૧ માતુશ્રી લીલાબાઈ કાંતિલાલ વિસનજી નાગડા

રૂા. ૧૧૦૦૧ માતુશ્રી હંસાબેન લહેરચંદ નાગડા (કકા)

રૂા. ૧૧૦૦૦ શ્રી ભાવેશ જયંતીલાલ નાગડા પરીવાર (નલીયા–ગોરેગાંવ)

રૂા. ૧૧૦૦૦ શ્રીમતી કિરણબેન રમેશભાઇ નાગડા પરીવાર શ્રીમતી જયશ્રીબેન કાનજી નાગડા પરીવાર
(નલીયા–ભરૂચ)

રૂા. ૧૧૦૦૦ માતુશ્રી લીલાવંતીબેન ભવાનજી નાગડા પરીવાર
હસ્તે. શ્રીમતી કાશ્મીરાબેન રવિન્દ્ર નાગડા (મસ્જીદબંદર–મુલુંડ–ડોંબીવલી)

રૂા. ૧૧૦૦૦ શ્રી નરેન્દ્ર (નરશી) લખમશી નાગડા (નલીયા–ઘાટકોપર)

રૂા. ૧૧૦૦૦ શ્રી નરેશ હીરાચંદ નાગડા

રૂા. ૧૧૦૦૦ શ્રી પ્રફુલચંદ ચાંપશી હંસરાજ નાગડા હસ્તે. શ્રી અંબીકા રોડવેઝ (ડોંબીવલી)

રૂા. ૧૧૦૦૦ માતુશ્રી સરલાબેન લઘુભાઈ નાગડા (નલીયા–વાશી)

રૂા. ૧૧૦૦૦ શ્રીમતી રતનબાઈ ધનજી ભવાનજી નાગડા પરીવાર હસ્તે. વિજયાબાઈ ગિરીશચંદ નાગડા,
શ્રી લહેરચંદ ધનજી નાગડા (શિરપુર–ધુલીયા)

| | | |
|---|---|---|
| રૂા. | ૧૧૦૦૦ | માતુશ્રી લક્ષ્મીબેન લહેરચંદ હીરજી નાગડા (નલીયા - ડોંબીવલી) |
| રૂા. | ૧૧૦૦૦ | માતુશ્રી અરૂણાબેન ચીમનલાલ નાગડા (નલીયા - ઘાટકોપર) |
| રૂા. | ૧૧૦૦૦ | માતુશ્રી દમયંતીબેન ચીમનલાલ નાગડા (નલીયા-મુલુંડ) |
| રૂા. | ૧૧૦૦૦ | શ્રી દિલીપભાઈ લક્ષ્મીચંદ નાગડા હસ્તે. અંકીત નાગડા (સેંધવા) |
| રૂા. | ૧૧૦૦૦ | શ્રીમતી રંજનબેન ભરત રામજી નાગડા પરિવાર (નલીયા-વડોદરા) |
| રૂા. | ૧૧૦૦૦ | માતુશ્રી લીલાબેન હીરાચંદ માણેકજી કુંવરજી નાગડા (પાચારિયા પરીવાર) હસ્તે. શ્રી ગિરીશ હીરાચંદ નાગડા (જખૌ-સાંગલી) |
| રૂા. | ૧૧૦૦૦ | માતુશ્રી લક્ષ્મીબાઈ પદમશી નાગડા |
| રૂા. | ૫૧૧૧ | માતુશ્રી બાંયાબાઈ ધનજી વિશનજી નાગડા (નલીયા - વડોદરા) |
| રૂા. | ૫૧૦૦ | શ્રી ગુલાબચંદ લખમશી નાગડા પરીવાર (માણાવાલા) નલીયા |
| રૂા. | ૫૦૦૪ | માતુશ્રી ધનબાઈ શિવજી નાગડા (તેરા-ગદગ) |
| રૂા. | ૫૦૦૧ | માતુશ્રી હીરાબાઈ ગંગાજર નાગડા હસ્તે. શ્રી અનીલ ગંગાજર નાગડા (તેરા - મુલુંડ) |
| રૂા. | ૫૦૦૧ | ચી. જશ રોશની પુનીત નાગડા (નલીયા - ડોંબીવલી) |
| રૂા. | ૫૦૦૧ | શ્રી મુકેશ જે. નાગડા (નલીયા- અમદાવાદ) |
| રૂા. | ૫૦૦૧ | માતુશ્રી પ્રેમીલાબેન સોમચંદ નાગડા |
| રૂા. | ૫૦૦૧ | શ્રી ભાગ્યચંદ હીરજી નાગડા |
| રૂા. | ૫૦૦૧ | માતુશ્રી પ્રેમીલાબેન સોમચંદ નાગડા |
| રૂા. | ૫૦૦૦ | એક સદગૃહસ્થ પરીવાર |
| રૂા. | ૫૦૦૦ | શ્રીમતી જ્યોતિ શૈલેષ નાગડા (તેરા - ગાંધીધામ) |
| રૂા. | ૫૦૦૦ | શ્રી લહેરચંદ ધનજી નાગડા (શિરપુર) |
| રૂા. | ૫૦૦૦ | માતુશ્રી હીરાવંતીબેન રામજી નાગડા (પટેલ) હ. રેખાબેન વિરેન્દ્ર નાગડા |
| રૂા. | ૪૪૦૧ | શ્રી પ્રફુલ્લ રતિલાલ નાગડા (આશાબેન નાગડા) નલીયા-ભાંડુપ |
| રૂા. | ૨૫૦૧ | માતુશ્રી મીનાબેન રાયચંદ નાગશી નાગડા (કોઠારા - ડોંબીવલી) |
| રૂા. | ૨૫૦૧ | શ્રી કમલેશભાઈ રતિલાલ નાગડા |
| રૂા. | ૨૫૦૦ | શ્રી પ્રતાપ ધનજી નાગડા (માણાવાલા) નલીયા-દેવલાલી |
| રૂા. | ૨૫૦૦ | શ્રી અશોક લાલજી નાગડા (નલીયા- બોરીવલી) |
| રૂા. | ૨૧૦૦ | માતુશ્રી લક્ષ્મીબેન મણીલાલ નાગશી નાગડા (કોઠારા-અંકલેશ્વર) |
| રૂા. | ૨૧૦૦ | માતુશ્રી મુરબાઈ વાલજી નાગડા (સિંધોડી-હૈદરાબાદ) |
| રૂા. | ૨૧૦૦ | માતુશ્રી વેજબાઈ લક્ષ્મીચંદ નાગડા હસ્તે. શ્રી પ્રતાપ લક્ષ્મીચંદ નાગડા |
| રૂા. | ૧૧૧૧ | શ્રી જયંતીલાલ દામજી નાગડા |
| રૂા. | ૧૧૧૧ | શ્રી પ્રદિપ ચાંપશી નાગડા (નલીયા-ડોંબીવલી) |
| રૂા. | ૧૧૦૦ | શ્રી લક્ષ્મીચંદ હીરજી નાગડા, હસ્તે સુશીલાબેન (નલીયા) |
| રૂા. | ૧૧૦૦ | શ્રી શાંતિલાલ ઉમરશી નાગડા (નલીયા-ડોંબીવલી) |
| રૂા. | ૧૧૦૦ | શ્રી ખેતશી ખીમજી જેઠા નાગડા, એચ. વર્ધમાન રાયચંદ |
| રૂા. | ૧૧૦૦ | માતુશ્રી નેણબાઈ નાગશી નાગડા (કોઠારા-ડોંબીવલી) |
| રૂા. | ૧૦૦૧ | શ્રી નવીન ખીમજી નાગડા (તેરા-ડોંબીવલી) |
| રૂા. | ૧૦૦૦ | શ્રી નિરંજન હંસરાજ નાગડા (જખૌ) |
| રૂા. | ૧૦૧ | ચિ. શૌર્ય વિરલ નાગડા (પરજાઉ-દિવા) |
| **રૂા.** | **૭૩૫૮૮૩** | **ટોટલ આવક** |

# કચ્છમાં પુનઃ વસવાટ - શક્યતાઓનું સમીક્ષણ

વિકસીત કચ્છમાં આપણા જ્ઞાતિજનો પુનઃ વસવાટ કરે તેવો આગ્રહ કેટલાક સેવાભાવી મોભી જ્ઞાતિજનો તરફથી છેલ્લા થોડા વર્ષોથી કરવામાં આવી રહ્યો છે.

**આ લેખ દ્વારા તેની શક્યતાઓ ચકાસવાની ઈચ્છા છે...**

**પૂર્વ ઈતિહાસ :** કચ્છી દશા ઓશવાલો કચ્છમાં ક્યા સમયે આવ્યા તેની નિશ્ચિત વિગતો મળતી નથી. તે સંબંધી ઉલ્લેખોમાંથી તારવી શકાય છે કે ઈ.સ. ૧૫૦૦ થી ઈ.સ. ૧૬૫૦ સુધીમાં જુદા જુદા જથ્થામાં જ્ઞાતિના સમુહો કચ્છમાં આવીને વસ્યા હતા.

દંતકથા કહે છે કે એક યતિશ્રી ૧૬મી સદીના મધ્યભાગમાં સિંધ પ્રાંતમાં વિહાર કરી રહ્યા હતા. તેમણે ઓશવાલોની કમનીય દશા જોઈ અને તેથી કચ્છનાં મહારાવ શ્રી ખેંગારજી (૧લા)ને મળી, સિંધમાં રહેતી મહેનતકશ પ્રજાને, કચ્છ પ્રદેશના વિકાસ માટે સારું પીઠબળ મળશે, તેથી કચ્છમાં વસવાટ કરવા વિનંતી કરી.

મહારાઓશ્રીએ તેમને સુથરી, જખૌ અને નલિયા તથા તેના આસપાસનાં પ્રદેશોમાં વસવાટ કરવા છુટ આપી.

**મુંબઈ અને દેશાવર તરફ પ્રસ્થાન :** ઈ.સ. ૧૭૪૪ના અરસામાં કચ્છમાંથી ભાટીયા આવ્યા અને ૧૭૮૪ના અરસામાં દશા ઓશવાલો મુંબઈ તરફ અને ભારતના અન્ય ભાગોમાં રોટી-રોજી માટે પ્રસ્થાન કર્યું.

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિના મુંબઈમાં વસવાટની શરૂઆત કરનારા જ્ઞાતિજન તરીકે તેરાના શા. જેતશી જીવરાજ અને શા. શામજી સારંગનું નામ લેવાય છે, પણ જ્ઞાતિ ઉત્કર્ષના કાર્યોમાં ઓછો રસ ધરાવતા હોવાથી ઈતિહાસના પાને તેઓ ચમક્યા નથી. ત્યારબાદ ઈ.સ. ૧૮૦૧માં દુષ્કાળ અને ધરતીકંપનાં કારણે જખૌથી વહાણમાં બેસી નલિયાના શ્રી નરશી અને શ્રી નાથા (પુત્ર-પિતા) બન્ને મુંબઈ આવ્યા.

સ્વમહેનતે વેપાર-ધંધામાં આગળ વધી, શેઠશ્રીએ પોતાના જ્ઞાતિબંધુઓને મુંબઈ બોલાવવા આમંત્રણ આપતા આવનાર જ્ઞાતિજનોને નોકરી કે વ્યાપારમાં જોડી જે જે વ્યક્તિ કેળવાતી જાય તેની આવડત પ્રમાણે તેને તેવું કામ આપતા ગયા અને ક.દ.ઓ. ભાઈઓ રૂ પકવતા ભારતનાં ભાગોમાં છવાઈ ગયા.

સાહસિકતા, સહૃદયતા અને સાદાઈથી ઓપતા શેઠશ્રીએ, ખોબા જેવડી જ્ઞાતિને ઐક્ય, ભ્રાતૃભાવના જેવા ગુણ આપ્યા અને **''જ્ઞાતિ શિરોમણી''**નું બિરુદ્ધ પામ્યા. (**શેઠશ્રી નરશી નાથાને જ્ઞાતિ શિરોમણી**નું બિરુદ્ધ કેવી રીતે પ્રાપ્ત થયું, ક્યારે પ્રાપ્ત થયું તેનો ઈતિહાસ મળતો નથી. કોઈ પાસે વિગત હોય તો જણાવશો.)

**કચ્છ માંથી હિજરત :** કચ્છમાં અલ્લાહ બંધ પાસે આવેલ ધરતીકંપથી સિંધુ નદીના વહેણ પાકિસ્તાન તરફ વળી જવાથી કચ્છમાં વરસાદ પર નભતી ખેતી ધીમે ધીમે નષ્ટ થવા લાગી અને તેથી લોકોને મુંબઈ અને અન્ય પ્રદેશોમાં પ્રસ્થાન કરવું પડ્યું. આપણી પ્રજા સાહસિક હોવાથી તેમણે અન્ય પ્રાંતોમાં વેપાર-ધંધા વિકસાવ્યા અને લગભગ ૧૫૦ વર્ષ પૂર્વે હિજરત કરી આવેલા કુટુંબીજનો જુદા-જુદા ઠેકાણે ઠરીઠામ થયા છે. અને આજે તેમની ૩જી કે ચોથી પેઢીએ વિકાસ કર્યો છે અને સ્થાનિક સમાજમાં મોભાનું સ્થાન મેળવ્યું છે. **હવે આ કુટુંબીજનો થોડા જ કાંઈ કચ્છમાં પુનઃ વસવાટ કરવા આવે?**

**આશાનું એક કિરણ :** કચ્છનાં ૨૦૦૧નાં ધરતીકંપ પછી ભારતનાં વડાપ્રધાન શ્રી અટલબિહારી બાજપાઈએ શ્રી નરેન્દ્ર મોદીની નિમણુંક ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કરી અને કચ્છનાં વિકાસમાં એક વાવાઝોડું આવી ગયું. શ્રી નરેન્દ્રભાઈએ પોતાની કુશાગ્ર બુદ્ધિથી કચ્છમાં નવી તકો ઉભી કરી આપી જેનો લાભ ઔદ્યોગિક એકમોએ લીધો. સાથે સાથે અન્ય વેપાર-ધંધા પણ વિકસ્યા અને કચ્છમાં નોકરી-રોજગાર માટે વિશાળ તકો ઉભી થઈ પણ તેનો જુજ લાભ આપણા જ્ઞાતિજનોએ લીધો.

વર્ષ ૨૦૦૩થી મુંબઈના ધમાલિયા જીવનથી કંટાળી મેં કચ્છમાં પગરણ કર્યા અને કચ્છનાં વિકાસનો હું સાક્ષી રહ્યો છું.

**કચ્છમાં ઉજ્જળી તકો :** આજે કચ્છમાં : (૧) ૬૦ વર્ષથી ઉપરનાં પણ સ્વસ્થ શ્રેષ્ઠીજનો વેપાર-ધંધો કરી વસવાટ કરી શકે છે. (૨) કચ્છનાં ઔદ્યોગિક એકમોમાં સારી ડીગ્રી-પદવી ધરાવતા લોકોની માંગ છે. યોગ્ય શિક્ષણ લાયકાત ધરાવનારને નોકરી મળી શકે છે. (૩) કચ્છમાં પોતાનું નાનકળું ઔદ્યોગિક એકમ સ્થાપી શકાય છે. (૪) કચ્છનું આર્થિક-જીવન મુંબઈ અને અન્ય વિકસિત શહેરોની

સરખામણીમાં સસ્તું છે તેથી થોડામાં પણ નિભાવ થઈ શકે છે. (૫) મુંબઈ કે અન્ય શહેરોમાં જેમણે વેપાર-ધંધા વિકસાવ્યા છે તે પોતાની ઓફિસ કે એકમ કચ્છમાં સ્થાપી રોજગારની તક પુરી શકે છે. (૬) કચ્છમાં હવે શિક્ષણ, તબીબી, સામાજિક ક્ષેત્રે વિકાસ થયો હોવાથી સારી શાળાઓ, અદ્યતન હોસ્પિટલો અને સસ્તા-વ્યાજબી દરે રહેઠાણની વ્યવસ્થા પ્રાપ્ત છે.

કચ્છ એટલે દુષિત પર્યાવરણથી મુક્ત, વાહન વ્યવહારની સુવિધાથી સુક્ત, પ્રગતિના પંથે આગેકુચ કરતું, આપણી વિરાસત અને સંસ્કૃતિના ઓવારણા લેતું, એક અલૌકિક પ્રતિભા ધરાવતો પ્રદેશ છે.

આપણા મોભીઓ ગમે તેટલું ઈચ્છે પણ અન્ય પ્રદેશોમાં સુસ્થાપિત થયેલા કુટુંબીજનોને ઉખેડીને કચ્છમાં થોપી તો ન જ શકાય...!!!

ફક્ત જરૂરત છે - **''મન હોય તો માળવે જવાની.''**

**- સોમ ધરમશી**
**મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭**

## -: વાચકોના પ્રતિભાવ :-

તાઃ ૨૦-૪-૨૪ ના અંકમાં ભાઈ શ્રી કેતન મધુકાંત લોડાયા જણાવે છે આધુનિક યુગમાં આપણે ટેક્નોલોજીના અતિરેકથી ગુલામીની જંજીરોમાં જકડાઈ ગયા છીએ. આપણે સૌ મોબાઈલ લેપટોપમાં એટલા મશગુલ થઈ ગયા છીએ કે ઘરે કોઈ મહેમાન આવે તો પણ એની સાથે વાતચીતથી આનંદ મેળવવાના બદલે મોબાઈલમાંથી માથું ઉંચકતા નથી. તે સારા લક્ષણ નથી. પ્રેમ અને આત્મીયતાનો રસાસ્વાદ નથી લઈ શક્તા. ગુજરાતી જાણનારાઓ તો જરૂર આ લેખ વાંચીને જીવનમાં કાંઇક પ્રેરણા લેવાનું કરે એજ શુભેચ્છા. સરસ લેખ બદલ કેતનભાઈને ધન્યવાદ.

**- રમેશચંદ જયચંદ નાગડા-કોપલ**

**વનિતા વિશ્વ-Women World માટે લેખ આવકાર્ય**

પ્ર.સ.માં મહિલાઓ માટેના વિભાગ વનિતા વિશ્વ-Women World માટે લેખ આવકાર્ય છે. સંપર્ક :
**kdoprakash@gmail.com**
**Dr. Tejal Rushabh Shah-** 9987081818,
tejalrushabhshah@gmail.com


ઘર જેવું જમવા પધારો...

**ભુજમાં સૌથી સસ્તું અને સારૂં**

**ઘર જેવું જમવા એક વખત પધારી ખાત્રી કરો. શુદ્ધ-શાકાહારી-સ્વાદિષ્ટ અને ચટાકેદાર ભોજન જમવા આજે જ પધારો.**

- શુદ્ધ-સ્વાદિષ્ટ-ચટાકેદાર ભોજન જમવા આજેજ પધારો.
- સવારે ચા-નાસ્તો, બપોરે તથા સાંજે રાત્રે જમવાનું ચાલુ છે. ટીફીન સેવા પણ ચાલુ છે.
- માસિક-છૂટક જમવાનું ચાલુ છે.
- ઘર જેવું જમવાનું, ભાવતા ભોજનીયા, જમવા આજે જ પધારો.
- એકદમ વ્યાજબી ભાવ. ભુજમાં સૌથી ઓછા ભાવે ફુલ ભાણું જમવા આજે જ સંપર્ક કરો.
- બહારનાં નાના-મોટા ઓર્ડર ઉપર ખાસ ધ્યાન આપવામાં આવશે.



**સંપર્ક :**
**અતુલભાઈ મોતા**
મો. ૯૬૧૯૨૮૨૦૯૬
૯૦૮૨૮૬૦૦૨૮

**કચ્છ આવતા શ્રીસંઘો તથા પ્રવાસીઓ માટે રહેવા-જમવાની વ્યવસ્થા ઉપલબ્ધ છે.**

**એકમ-ભવન (ભુજ-કચ્છ.)**

**એકમ-ભવન મધ્યે રહેવા-જમવાની સાથે ડાઈનીંગ હોલ બેંકવેટ હોલ તથા રૂમોની પણ સુંદર સવલતો ઉપલબ્ધ છે.**

હોલનું ભાડું એકદમ વ્યાજબી જે સૌ કોઇને પરવડે
હોલ ભાડે તથા રાત્રીરોકાણ માટે રૂમો ભાડે મળશે.
હોટલ ઈલાર્ક પાછળ, સ્ટેશન રોડ, ભુજ-કચ્છ.
સંપર્ક : ૦૨૮૩૨-૨૨૫૬૯૪ મો. ૯૪૨૮૮૧૩૮૬૪



MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ

**Old is Gold But Gold is never Old**

પણ એ old આઈટમ ને ક્યાં વેંચવી અને એની સાચી Value જાણવા માટે આપણા વડીલોની જુની અને જાણીતી દુકાન એટલે મહાવીર સારીઝ (સાંતાક્રુઝ-વે), ગ્રાહકને ફાયદો વધારે એવી એક માત્ર દુકાન. તમારા દિલ અને દિમાગમાં નામ અને સરનામુ Feet કરી દો. કબાટ ખોલો અને ઉપયોગમાં ન આવે તેવી ફક્ત

- સાચી જરીની સાડી, ચણીયા ચોળી
- સાચી જરીના ઘરચોળા-બોર્ડર-બ્લા
- સાચી જરીના સેલા
- સાચી જરીની બટકસબ તથા આરીવર્કની સાડી-ચણીયા-ચોળી
- સાચી જરીના ચંદરવા-પોઠીયા
- સાચી જરીની છુટ્ટી ટીકી-સુરમો-કસબ-ઘુઘરી
- અમારી દુકાને વેચવા લઈ આવો ને રોકડા રૂપિયા લઈ જાઓ.
- ઘર બેઠા તમારી જુની સાચી જરીની Item વેંચો, ફક્ત એક ફોન કરો, અમે તમારી સેવામાં હાજર.
- રોકડા રૂપિયા-સંતોષકારક વળતર One Shot Final

**મહાવીર સારીઝ,** મોદી ચાલ, શોપ નં.૨,
સીઝન્સ શો રૂમની સામે, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).
**M. : 91 3714 6272 / 96195 54801 (SUNDAY CLOSED)**

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન — સંસ્થા સમાચાર, જ્ઞાતિ સમાચાર, વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### કચ્છ યુવક સંઘ - ડોંબિવલી, કેરિઅર ગાઈડન્સ સેમીનાર



તા. ૧૨-૦૫-૨૦૨૪, ડોંબિવલી પૂર્વમાં આયોજિત કરવામાં આવેલ. જેમાં શ્રી કે.વી.ઓ.સમાજ, શ્રી ક.દ.ઓ.સમાજ, શ્રી લોહાણા સમાજ, શ્રી રાજગોર સમાજ, શ્રી ભાનુશાલી સમાજ, શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ.

આ કાર્યક્રમમાં સહયોગી સંસ્થા શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ-ડોંબિવલીના પ્રમુખશ્રી મહેન્દ્ર મેઘજી મોતા (વારાપધર), માનદમંત્રી શ્રી અનુજ ગિરીશ લોડાયા (રવા), મંડળના શૈક્ષણિક કન્વીનર શ્રીમતી અર્ચના અમીત ખોના (નલિયા), શ્રી મનીષ પ્રવિણચંદ્ર કાંકણ (સાંધાણ)નું કચ્છ યુવક સંઘની ટીમ દ્વારા સન્માન કરવામાં આવેલ. મહેન્દ્રભાઈ મોતાએ સર્વે કચ્છી સમાજને એક થઇ શિક્ષણ સાથે દરેક ક્ષેત્રમાં સાથે મળીને કાર્ય કરીશું અને સમગ્ર કચ્છી સમાજને આગળ વધારશું એવી ઈચ્છા વ્યક્ત કરેલ.

### દલતુંગી ધજા



દલતુંગી દેરાસરની ૧૨૨મી ધજા તા. ૧૨.૫.૨૪ના ખૂબ ધામધુમથી ઉજવાઈ. બહોળી સંખ્યામાં ગામવાસી પધારેલ. લાભાર્થી પરિવાર માતુશ્રી સોમબાઈ શામજી શિયાલ-ડોંબિવલી (દલતુંગી).

૧૮ અભિષેક તથા ૧૭ ભેદી પુજા ભણાવવા વિધિકાર શ્રી કલ્પેશભાઈ શાહ, સંગીતકાર શ્રી વિક્રમભાઈ મહેતા જામનગરથી પધારેલ. ધજાના દિવસે બપોરના સાધર્મિક ભક્તિનો લાભ માતુશ્રી સોનબાઈ જેઠાલાલ લાપસીયા પરિવાર-મુલુંડ એ લીધેલ. પાંચ ઈનામ આપવામાં આવેલ.

### સખીવૃંદ-પુના



જીનલબેન મૈશેરીએ તા. ૧૬ માર્ચના સલાડ કી મહેફીલ વિષય પર તેમના નિવાસસ્થાને મિટીંગ યોજી હતી જેમાં નામી શેફ વિજય ચોટાલાને આમંત્રિત કર્યા હતા. ચાંદનીબેન લોડાયાએ ફેબ્રુઆરી મહિનાનો અહેવાલ રજૂ કર્યો. પાક શાસ્ત્રમાં નિપુણ વિજયભાઈ ચોટાલાએ વિવિધ પ્રકારના વેજીટેબલ્સ અને ફ્રુટ્સનો ઉપયોગ કરીને સ્વાદિષ્ટ સલાડ સર્વે સમક્ષ ખુબજ સરળતાપૂર્વક શીખવાડ્યા હતા. હોળીના તહેવારની ઉજવણી નિમીત્તે સખીવૃંદ મહિલા મંડળે રંગોની રમઝટ રમી સર્વેનું મોઢું મીઠું કરાવ્યું. વિનલબેન જીનલબેન મૈશેરી અને વિજયભાઈનો આભાર વ્યક્ત કર્યો.

### મુંબઈ મધ્યે શ્રી વીર વાછરાદાદાની પેડી

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઇ દ્વારા શ્રી વાછરાદાદાની ૩૧ મી પેડીનો પ્રસંગ દાતાશ્રી માતુશ્રી ગંગાબાઇ ભવાનજી ચત્રભોજ લોડાયા સાંયરા-કચ્છ હાલે મુલુંડ હસ્તે વીણાબેન દીપક લોડાયા તથા બીજલબેન હેમંત લોડાયા સમસ્ત પરિવારનાં સહયોગથી ફ્રેન્ડસ સ્કુલ હોલ મુલુન્ડ મધ્યે યોજાયો હતો. જેમાં શ્રી વીર વાછરા દાદાનાં ૧૫૦૦થી વધુ ભક્તો દેશાવર, મુંબઇ, કચ્છભરમાંથી જોડાયા હતા. રેણુકા સોલંકી, દર્શન પંચાલ, ઓઘડભાઇ ભરવાડ અને મનોજ કારાણી એન્ડ પાર્ટીએ શ્રી વીર વાછરાદાદાનાં ભજનોની રમઝટ જમાવી હતી.


**શાંતિભાઈ એટલે જ સાડીઓના માસ્ટર માઈન્ડ**

નિષ્ણાંત નજર, સાડી અને વર્કની પરખ, વર્ષોનો અનુભવ એટલે જ સાડી પારસી વર્ક, હોય કે જીક કસબ કે પીટા વર્ક કે બટ કસબ. હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓનો રેડી સ્ટોક. વળી ઓર્ડરથી તો બનશે જ અને અલ્ટ્રેશન પણ કરી આપવામાં આવશે. સાચી જરીની સાડીઓ વેચી આપવામાં આવશે. અમારી બીજી કોઈ શાખા નથી

Sonal ART

**સોનલ આર્ટ-(થાણા)** Mob.: 99678 41792

'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

મુંબઇ મહાજનશ્રી અધ્યક્ષ શ્રી નયનભાઇ ભેદા, કિર્તીભાઇ ધરમશીં, ચંદ્રેશભાઇ છેડા, મુલચંદભાઇ મોતા, ચીમનભાઇ મોતા, શામજીભાઇ દંડ તથા સમાજનાં આગેવાનો આ અવસરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

જયેશ જૈન, ગોવિંદજી પટેલ, પ્રવિણ લોડાયા, વિપુલ પટેલ, કિરણ દંડ, વીરચંદ ખોના, પ્રવિણ મોતા, વીરેન્દ્ર લોડાયા, હેમંત મોતા, જયેશ લોડાયા, પ્રબોધ મુનવર, હિતેશ પટેલ સહિત શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઇનાં સર્વે કાર્યકર ભાઇ-બહેનો આ કાર્યક્રમમાં જોડાયા હતા. પેડી પ્રસાદ, મહાઆરતી, થાળ અને દાદાને આહવાન કાર્યક્રમો યોજાયા હતા.

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઇ દ્વારા કચ્છ, હાલાર, પાવાગઢ સહિત શ્રી વાછરાદાદાનાં ૩૮ મંદિરોનું નૂતનીકરણ અથવા જીર્ણોદ્ધાર કાર્ય વિવિધ દાતાશ્રીઓનાં સહયોગથી કરવામાં આવેલ છે. સૌથી વધુ કચ્છમાં વાછરાદાદાનાં નૂતન મંદિરો બનાવવામાં આવ્યા છે. ૩૯ મુ નવું મંદિર કચ્છનાં રવાપરમાં નિર્માણ પામી રહ્યું છે. ગ્રુપ દ્વારા યોજવામાં આવેલ વિવિધ કાર્યક્રમોમાંથી ઉપજેલ ૧૦ લાખ જેટલી રકમ કચ્છમાં પશુ ઘાસચારા તથા પાંજરાપોળ સંસ્થાઓનાં જીવદયા કાર્યોમાં અર્પણ કરી દેવાઇ છે.


બાંધણી હોય કે ઘરચોળા!
પાનેતર હોય કે પટોળા!
ચણીયા ચોળી હોય કે દુપટ્ટા!
સગાઈ હોય કે લગ્નપ્રસંગ!
પહેડી હોય કે ધજા મહોત્સવ!
જ્યોતિને સંગ-ઉજવો પ્રસંગ!
વધી જશે ઉમંગ-રહી જશે રંગ!

જ્યોતિ

for Exclusive Embroidery
and uptodate Finishing!

જ્યોતિ Sarees
Matunga (E)

Behind Arora Theatre
Ph.: 022-2404 3995 / 83692 52836
Follow us on instagram @jyotisaree


**શ્રી પારોલાતીર્થમાં ૧૬૫મી ધ્વજા મહોત્સવ**

ખાનદેશની ધન્યધરામાં શ્રી પારોલાતીર્થમાં દર વર્ષની મુજબ આ વરસે પણ શ્રી શાંતિનાથજીના દેરાસરની ૧૬૫મી ધ્વજા મહોત્સવ તા. ૧૪.૫.૨૪ વૈશાખસુદ-૭ મંગળવારે ઉજવવામાં આવેલ. આ શુભપ્રસંગે ગામોગામથી આવેલ ભાવિકોએ સારી સંખ્યામાં ભાગ લીધેલ. શ્રી સત્તરભેદીપુજા અને સ્વામીવાત્સલ્યનો લાભ કાયમી વંશપરંપરા શા. કેશવજી ભારમલ ગોએરસમાવાલા તરફથી રાખવામાં આવેલ. શ્રી પારોલા તીર્થોદ્ધારિકા પ.પૂ. સા. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા ખાનદેશરત્ના પ.પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના પ્રેરણાથી દર વરસે શ્રી પારોલા તીર્થને દાતા પરિવાર તરફથી ધ્વજા ભેટ મળે છે. એ ધ્વજા ફરકાવાનો લાભ શા. દિપક દામજી પોલડીયા, પોલડીયા પરિવાર-ગોએરસમા, ભુસાવલ નાશિકવાલાએ લીધેલ. વીધીકાર ચિરાગ ખુશાલ સંગોઈ (બાડા) અંબરનાથવાલાએ સરલ અને શુદ્ધ ઉચ્ચારથી વિધીવિધાન કરાવેલ.

**આઈઆઈટી ખડગપુર ડિજિટલ લાયબ્રેરી**

આઈઆઈટી ખડગપુરે બધા જ વિષય આવરી લેતી વિદ્યાર્થીઓ માટે વિરાટ ડિજિટલ લાયબ્રેરી તૈયાર કરી છે. આ લાયબ્રેરીમાં ૪ કરોડ ૬૦ લાખ પુસ્તકો આવરી લેવાયા છે. ndl.jjtkgp.ac.in.

**નવા લેડી ડૉ. સેજલ ધરમશી**

રંગપુરના બોરીવલી નિવાસી ભાવેશભાઈ ધરમશીના દિકરી સેજલબેન ઊંચી ટકાવારી સાથે એમબીબીએસ થતા જ્ઞાતિના ડૉક્ટર વર્ગમાં ઉમેરો થયો છે.

**જીત ધરોડને હોસ્પિટાલીટી ઍવોર્ડ**

ગૌરાંગમ'સ કીચનના સંચાલક મીત ગૌરાંગ ધરોડ હૈદ્રાબાદને વર્ષ-૨૦૨૪નો ઈન્ટરનેશનલ હોસ્પિટલીટી ઍવોર્ડ એનાયત કરાયો છે.

આંતરરાષ્ટ્રીય હોસ્પિટલિટી ડે નિમીત્તે આઈએચસી આઈઆઈએચએમ દ્વારા આ એવોર્ડ અપાય છે.

**ડૉ. ચાર્વી દક્ષેશ રાયચંદ લોડાયા (શાહ)-સિંધોડી મોટી (રાયપુર)**



પં. જે.એન.એમ. મેડીકલ કૉલેજ રાયપુરથી એમબીબીએસની ફાઈનલ પરીક્ષા ૬૯% ગુણ મેળવી ઉત્તીર્ણ કરેલ છે.

### ડોંબિવલી મંડળનો શૈક્ષણિક કાર્યક્રમ

કદઓ મંડળ ડોબિવલીનો ૪૬મો કાર્યક્રમ રવિવાર તા. ૨.૬.૨૪ના દિને શુભમ હોલ, સ્ટેશન પાસે, ડોંબિવલી પૂર્વમાં સવારના ૧૦ વાગ્યે યોજાશે. નોટબુક, લોંગ બુક, શાળા ગણવેશ, પુરસ્કાર આદિનું આયોજન છે.

દાતા ગણ-જેઠાભાઈ ડુંગરશી, ગ્રુપ ઓફ કંપનીઝ, મા. ચંદનબેન ઠાકરશી પોલડીયા-ડુમરા, કુમારપાળ કાનજી મોમાયા અને નિરંજન કેશવજી મોમાયા-વરાડીયા, પાર્શ્વીર વીરજી નાગડા-રંગપુર અને મા. મોંઘીબાઈ પદમશી લોડાયા, મા. ચંદનબેન ઠાકરશી ટોકરશી મોટા-રાપરગઢવારી, ગદગ-હુબલી અને સહયોગી દાતા ગણ.

### શ્રી કદઓ જૈન જ્ઞાતિ મહાજન-અમદાવાદ

આ વર્ષની સામાન્ય સભામાં બંધારણ સુધારા વધારા સમિતી દ્વારા અહેવાલ રજૂ કરાતા બહુમતીથી નીચે મુજબના ઠરાવ પાસ કરવામાં આવેલ.

૧) ટ્રસ્ટીશ્રીનો કાર્યકાળ વધુમાં વધુ બે ટર્મ (૧૦ વર્ષ) હોવો જોઈએ. ૨) ટ્રસ્ટીશ્રીની વય મર્યાદા ૭૦ વર્ષથી વધુ ના હોવી જોઈએ. ૩) જો કોઈપણ ટ્રસ્ટી પાંચ કે વધુ વર્ષોથી ટ્રસ્ટી તરીકેની સેવા આપી રહ્યાં હોય તે ટ્રસ્ટી ભવન નિર્માણ બાદ વધુમાં વધુ પાંચ વર્ષ સુધી ટ્રસ્ટી તરીકેની સેવા આપી શકશે. ૪) ટ્રસ્ટીશ્રીની દસ વર્ષની સેવા પૂર્ણ થતી હોય અથવા વય મર્યાદા મુજબ ૭૦ વર્ષ થઈ ગયેલ હોય પરંતુ મહાજનશ્રીને તેમની સેવાની જરૂર જણાય તો સામાન્ય સભામાં રજૂઆત કરી વધુમાં વધુ એક ટર્મ એટલે કે પાંચ વર્ષ સુધી ટ્રસ્ટીપદ શોભાવી શકશે, સેવા આપી શકશે. ૫) ટ્રસ્ટીશ્રીનું કાર્યકાળ સમાપ્ત થતા ટ્રસ્ટીશ્રી સ્વૈચ્છીક રીતે સેવા આપવા ઈચ્છા ધરાવતા હોય તો સલાહકાર સમિતીમાં તેઓ વધુમાં વધુ એક ટર્મ સેવા આપી શકશે. ૬) કારોબારી તેમજ ટ્રસ્ટ મંડળમાં વધારે જ્ઞાતિજનો જોડાઈ શકે અને સેવાકીય પ્રવૃત્તિમાં ભાગ લઈ શકે તે હેતુને ધ્યાનમાં રાખી એક જ કુટુંબના બે સભ્યો ટ્રસ્ટ મંડળ કે કારોબારીમાં એક સાથે સેવા ના આપી શકે.

## વતનના વર્તમાન

**સંકલન : કેસરસિંહ ખોના**

### કચ્છનું ધોરણ ૧૦નું પરિણામ ૮૫.૩૧ ટકા

કચ્છ જિલ્લાના શિક્ષણ ધોરણમાં સતત સુધાર થઈ રહ્યો છે. આ વર્ષના ૧૦મા બોર્ડની પરીક્ષાનું પરિણામ ૮૫.૩૧ ટકા નોંધાયું છે. જે ગત વર્ષની સરખામણીએ ૧૬.૬૦ ટકા ઉંચુ છે. ૩૭ પરીક્ષા કેન્દ્રમાં સહુથી નવા એવા બાલાસરનું પરિણામ ૯૮.૪૪ ટકા સાથે સૌથી મોખરે રહ્યું છે. ૧૦૦ શાળે ૧૦૦ ટકા પરિણામ નોંધાવ્યું છે.

### ઝરપરાનો ૮૧૧ મો સ્થાપના દિન

તાલુકા મુંદરાનો ઝરપરા ગામ ચારણ સમાજના સૌથી મોટા ગામ તરીકે વિખ્યાત છે. આ ગામની સ્થાપનાનો ૮૧૧મો દિન મે મહિનાની તા. ૧૦ના ઉજવવામાં આવે છે. વર્તમાન સમાજવાડીમાંના પ્રાચીન શમીવૃક્ષ પાસે તોરણ વિધી, ગામધણી ગઢેરા પરંપરા, પૂજન વિધિ તથા ગામના સ્થાપક વીર અમિયાદાદાના સ્મારક મંદિરે નૈવેધ કસુંબા વિધી કરવામાં આવશે.

### મગરથી સાવધાન

ગઢશીશાના જાણીતા રાતા તળાવ અને બાજુના ઘોડાલખ ગામના તળાવોમાં મગરોની સંખ્યા વધી ગઈ છે. આથી સાવચેત રહેવાની જરૂર છે. કચ્છના ઘણા ભાગોમા મગરમચ્છની સંખ્યા વધી રહી છે.

### ભેડ માતાજી સ્થાનકે સુવિધા વિસ્તાર

કોટડા ચકારના વિસ્તારમાં આવેલા ભેડ માતાજી ધામમાં યાત્રી સુવિધાઓ, બાગ બગીચા આદિ અર્પણ કરનારા દાતા સ્વ. જગમાલભાઈ ખેંગાર રબારીના પુત્ર શંભુભાઈ રબારીનું તેરા ક્ષત્રિય સમાજ, આશાપુરા ક્ષત્રિય યુવા સંગઠને કચ્છી પાઘડી પહેરાવી બહુમાન કર્યું હતું. કોટડા સણોસરાના માજી સરપંચ અને યુવા અગ્રણી શંભુભાઈ રબારીએ ૯૦૦ થી ૧૧૦૦ કુમારિકાઓને કળશ ભેટ આપ્યા હતા.

### મીઠી આંબલી

આ વરસે નખત્રાણા વિસ્તારમાં મીઠી આંબલીનો જોરદાર પાક આવ્યો છે. વૃક્ષ સદાબહાર છે અને દુષ્કાળમાં પણ વગર પાણીએ લીલોછમ રહે છે. વૃક્ષ પરથી મીઠી આંબલી ઉતારવા માટે ઈંગડી (લાકડી પર બાંધેલો વાંકો તાર) વપરાય છે. એક વૃક્ષ દરરોજ અંદાજે ૧૦ કિલો આંબલી આપે છે જેના ભાવ કિલોએ ૧૦૦ રૂની આસપાસ રહે છે.

### જખણિયા વીરાયતનનું ૧૦૦ ટકા પરિણામ

માંડવી તાલુકાના જખણિયા નજીક ૨૩ વર્ષથી કાર્યરત વીરાયતન વિદ્યાપીઠમાં ધો.૧ થી ધો.૧૨ સુધીનો અભ્યાસ કરાવાય છે. હાલમાં ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષાના પરિણામ જાહેર થયા છે જેમાં બધા વિદ્યાર્થીઓ પાસ થયા છે.

## પાર્શ્વનાથ જિનાલય માંડવી

માંડવીના ભીડભંજન પાર્શ્વનાથ ધામના ધ્વજારોહણ મહોત્સવ સોમવારના તા.૧૩.૫.૨૪ના દિને ઉજવવામાં આવ્યો હતો. મહોત્સવમાં માંડવીના સકળ ગચ્છ સંઘના ભાવિકોએ સારા પ્રમાણમાં હાજરી આપી હતી.

## જખૌ ઓધવધામ વૃક્ષારોપણ

જખૌના ઓધવધામ ખાતે જખૌ ભાનુશાલી મહાજન, કચ્છી ભાનુશાલી દેશ મહાજન અને અખિલ ભારતીય હરિઓમ પરિવાર આયોજીત ભગવાન ઓધવરામ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ-૨૦૨૪ હેઠળ સંત હરિદાસજી મહારાજની પ્રેરણાથી સદ્‌ભાવના વૃદ્ધાશ્રમ ટ્રસ્ટ રાજકોટના સહયોગથી બે હજાર વૃક્ષો રોપવાનો કાર્યક્રમ હાથ ધરાયો હતો.

## કચ્છની મગફળી

નાનપણમાં આજના રૂપિયા કરતાં ભારે બરકતી પૈસો-બે-પૈસા ખીસ્સા ખરચી માટે મળતા ત્યારે ગામમા ફેરીઓ આવે તો એની પાસેથી ગુબિત લેતા અથવા ગામના દુકાનદાર પાસેથી ભૂતડા-સીંગ લઈ મિજબાની કરતા ત્યારે ખબર ન હતી કે અમે કઈ મગફળી આરોગીએ છીએ. ભૂતડા એજ ભાભ. એક જાત કપિત એટલે સિંચાઈ વગર ઉગાડાતી મગફળી જે મઠડી દેશી કે ૧૧ નંબરની મગફળી અથવા જી-૨નુ વાવેતર વધુ થતું. કોઈ કોઈ વિસ્તારમાં ૨૦ કે ૨૪ નંબરની જાતનું વાવેતર થાય. પિયત માટે તો હવે સંખ્યાબંધ જાતો હરિફાઈમાં છે, કચ્છમાં મોટે ભાગે ઊભડી જાતનું વાવેતર થાય છે. હવે વેસ્ટર્ન ૨૪, ટીજી-૩૪ (બીએઆરસી દ્વારા વિકસાવેલી મગફળી) ઉગાડાય છે. જેનો દાણા મોટો હોય છે.

## ઘનશ્યામ મહારાજ અમૃત મહોત્સવ

હાલમાં જ માધાપર ખાતે ઘનશ્યામ મહારાજ અમૃત મહોત્સવ ધામધૂમથી ઉજવાયો જેમાં માધાપર સ્વામીનારાયણ મંદિરમાં કચ્છભરમાંથી પટેલોનો મેળો જામ્યો હતો. આ પ્રસંગે ભુજની કેપટેલ હોસ્પિટલને રૂા. એક કરોડના દાન આપવામાં આવ્યા હતા.

## જગડુશા દાતારના રામમંદિરની અનોખી પ્રતિમા

જગડુશા દાતારનું ગામ ભદ્રેશ્વર જૈનોનું અનોખું તીર્થ ધામ છે. તો એ તીર્થધામ ભગવાન રામના ૧૬૦ વર્ષ જૂના મંદિર માટે પણ જાણીતું છે. રામ ભગવાનનું આ મંદિર ધરતીકંપમાં ધરાશાયી થયા બાદ પૂર્ણ નવનિર્માણ પામ્યું છે. જેમાં ભગવાન રામની મૂર્તિ વિશિષ્ટતા ધરાવે છે. તે એ કે આ મૂર્તિને મૂછો પણ છે. આપણા મૂછાળા મહાવીરની જેમ.

## ચંદ્રેશભાઈ છેડા વસતીપત્રક સમિતીના ગવર્નર નીમાયા

કદઓ જૈન વસતીપત્રક સમિતીની તાજેતરમાં યોજાયેલી મીટીંગમાં દક્ષિણ ભારતના પ્રતિનિધી પૂનમચંદભાઈ ધરમશીની મુદત પૂરી થતા ઉત્તર ભારતના પ્રતિનિધી ગવર્નર તરીકે ચંદ્રેશભાઈ છેડા ગવર્નર નીમાયા હતા.

## લાલછત્તાપીરની પહેડી

સાંધવનગરના લાલ છત્તા પીરની ૩૬મી પહેડી રવિવાર તા. ૨૮ એપ્રિલ ૨૦૨૪ના રોજ અ.સૌ. નયનાબેન વીરચંદ મેઘજી ખોના, પુષ્પાબેન ભરત મેઘજી ખોના અને મા. મણીબાઈ કુંવરજી મોતા હસ્તે અ.સૌ. ચેતનાબેન, પ્રવીણ કુંવરજી મોતા તરફથી યોજવામાં આવી હતી. જેમાં નિયાણીબહેનો સિવાય સ્થાનિક હિંગોરા, મુસ્લીમ આદિ સમાજના સભ્યો પણ હાજર રહ્યા હતા.

## કુંથુનાથ સ્વામી જિનાલય-રાયપુરના ૨૪મા ધ્વજારોહણ પ્રસંગે આમંત્રણ

ભરત ખંડે છત્તીસગઢ પ્રદેશે રાયપુર નગરે ફાફાડીહ ક્ષેત્રે સન્મતિ નગરે ભગવાન કુંથુનાથ જિનાલય ધામે સિદ્ધચક્રસહ દેવદેવી ગુરુમંદિર આદિ દિવ્ય ધામની ૨૩મી વર્ષગાંઠે, ૨૪મા ધ્વજારોહણ મહોત્સવ પ્રસંગે આયોજિત દ્વિ દિવસીય ઉત્સવમાં સકલ સંઘના ધર્મપ્રેમી શ્રાવકશ્રાવિકાઓને સપરિવાર આમંત્રણ છે.

પ્રથમ દિન તા. ૨૩.૫.૨૪ના મુની ભગવંતોના પ્રવેશ ૧૮ અભિષેક મહોત્સવ સકલ સંઘની નવકારશીના લાભાર્થી સુરાના પરિવાર શ્રીનગર-રાયપુર, બપોરના સ્વામી વાત્સલ્યના લાભાર્થી શાંતિલાલજી પરિવાર અને મા. નિર્મલાબેન વીરચંદ શાહ પરિવાર.

દ્વિતીય દિન તા. ૨૪.૫.૨૪ના રોજ નવકારશીના લાભાર્થી ધરમચંદજી લુંકડ પરિવાર, ધ્વજા વરઘોડો, સત્તરભેદી પૂજાના લાભાર્થી ધરમચંદજી લુંકડ પરિવાર, ધ્વજારોહણ સ્વામી વાત્સલ્ય ધ્વજારોહણના કાયમી લાભાર્થી પરિવાર, વિધિકાર રાજાભાઈ જયંતીલાલ નંદુ, સંગીત શીતલબેન અને પાર્ટી.


## 'માતૃત્વ' ફિલ્મ યૂટ્યુબ પર

ભુજના સ્થાનિક કલાકારોએ બનાવેલી આં.રા. મધર્સ ડે નિમિત્તે ટૂ-ટ્યુબ પર રજુ થયેલી 'માતૃત્વ' ફિલ્મમાં માતૃત્વની વ્યાખ્યાનો વિસ્તાર થયેલો જોવા મળે છે. મુખ્ય કલાકાર રેશમાબેન ઝવેરી.

**જીવન ચક્ર**

# જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ

સંપાદક : **રમેશ પદમશી દંડ (શાહ) – ભરૂડિયા**
મો. : 98197 93610 / E-mail : rpshah41@yahoo.com



## જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬.૦૪.૨૦૨૪ | ડોંબિવલી | શ્રેયાંશ, એકતા – તેજશ મોતા | સાંધવ | પુત્ર |
| ૦૯.૦૫.૨૦૨૪ | રાયપુર | ઓજસ, મુસ્કાન – પાર્થ મૈશેરી | નાની સિંધોડી | પુત્ર |

## જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦.૦૫.૨૦૨૪ | વાશી | ભવ્ય નીતિન પદમશી સાયલા | તેરા | ૨૮ |
| | ડોંબિવલી | મુક્તિ ગીરીશ પદમશી ધરમશી | સુથરી | ૨૬ |
| ૧૦.૦૫.૨૦૨૪ | ડોંબિવલી | વિરલ ઉમેશ ધીરજલાલ ધરમશી | ગોરખડી | ૨૬ |
| | ડોંબિવલી | વિશ્વા કિશોર શાંતિલાલ માલદે | દલતુંગી | ૨૫ |
| ૧૦.૦૫.૨૦૨૪ | ડોંબિવલી | જુગલ કેતન ગુલાબચંદ સોની ( પટેલ ) | વાંકુ | ૨૭ |
| | આદિપુર | કિંજલ હેમંત સુરેશ મોતા | કુઆપદર | ૨૨ |
| ૧૦.૦૫.૨૦૨૪ | મુલુંડ | જીગર પ્રદીપ ખીમજી ગોસર | બાયઠ | ૩૩ |
| | ડોંબિવલી | કાજલ જવેરચંદ દામજી મૈશેરી | નાની સિંધોડી | ૨૮ |
| ૧૨.૦૫.૨૦૨૪ | તિલક નગર | અક્ષય ચંદ્રેશ પોપટલાલ ધરમશી | ગોરખડી | ૩૧ |
| | ઔરંગાબાદ | શ્રુષ્ટિ હિતેશ હિંમતલાલ શાહ (લોડાયા) | મોટી ખાવડી | ૨૯ |
| ૧૬.૦૫.૨૦૨૪ | હુબલી | કારણ રાજેશ ગુલાબચંદ ખોના | મોટી ખાવડી | ૨૭ |
| | બેતુલ | માનસી પરેશ જયચંદ લોડાયા | સુથરી | ૨૭ |
| ૧૭.૦૫.૨૦૨૪ | જલગાવ | લીલેશ ભરત આણંદજી ખોના | સાંયરા | ૨૭ |
| | રાયચુર | કેવલી ગીરીશ લાલજી દેસાઈ (લાપસિયા) | સાંયરા | ૨૪ |

## આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧.૦૫.૨૦૨૪ | ઉજ્જૈન | નિશાંત પંકજ વિનયચંદ્ર ધરમશી | સુથરી | ૩૪ |
| (ભુલ સુધાર) | ખાર | કૃતિકા ધનેશ બલદેવદાસ રહેજા | ખાર | ૨૯ |
| ૦૫.૦૫.૨૦૨૪ | હૈદ્રાબાદ | કેવિન પરેશ ઠાકરશી ગાલા | દેશલપર | -- |
| | હૈદ્રાબાદ | ખુશ્બુ નરેશ ઉત્તમચંદ મોમાયા | વારાપધર | ૨૪ |
| ૧૦.૦૫.૨૦૨૪ | કાંદિવલી | સાગર ધનજી ખીમજી પટેલ ( વૈદ ) | ભચાઉ | ૩૦ |
| | અંધેરી | હિનલ શ્રેણિક પ્રવીણ ખોના | જખૌ | ૨૯ |
| ૧૨.૦૫.૨૦૨૪ | અંધેરી | લક્ષ્ય સુરેશ ચત્રભુજ ખોના | મંજલ રેલડીયા | ૩૧ |
| | નાગદા | પૂજા સુભાષચંદ્ર કાન્તિલાલ ગેલડા | નાગદા | ૩૧ |
| ૧૪.૦૫.૨૦૨૪ | થાણે | ધ્રુવ દિનેશ હીરજી દેઢિયા | ટોડા | ૩૨ |
| | મુલુંડ | આકાંક્ષા નીલેશ રાયચંદ મોમાયા | સાંયરા | ૨૯ |

## જ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦.૦૪.૨૦૨૪ | વાશી | ખુશ ઉત્તીન પદમશી લોડાયા | નલિયા | ૨૮ |
| | ધુલિયા | યુક્તા હિતેન મહેન્દ્ર ધરમશી | સુથરી | ૨૪ |
| ૨૧.૦૪.૨૦૨૪ | યુ.એસ.એ. | નીરજ નીલેશ આણંદજી ધરમશી | સિંધોડી નાની | ૩૧ |
| | મુલુંડ | ઉર્મી દિપક દિનેશ લાલકા | નલીયા | ૨૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦.૦૫.૨૦૨૪ | ઘાટકોપર | દેવેન તેજકુમાર કેશવજી ધરમશી | સુથરી | ૨૮ |
| | ડોંબિવલી | ખુશ્બુ રમેશ લાલજી છેડા | સુજાપુર | ૨૭ |

**જ્ઞાતિ લગ્ન છુટા**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦.૦૩.૨૦૨૪ | ડોંબિવલી | કેવલ કીર્તિ ખીમજી ધરમશી | ભરુડિયા | ૨૭ |
| | થાણે | ઉર્વશી રમેશ અભેચંદ શાહ | વારાપધર | ૩૦ |

**આંતરજ્ઞાતિ લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪.૧૨.૨૦૨૩ | ઈંદોર | દિપેશ કીર્તિ જેઠાલાલ ધરમશી | નાની સિંધોડી | ૨૮ |
| | ઈંદોર | મોનિકા વિકાસ મિશ્રા | ઈંદોર | ૨૭ |
| ૨૧.૦૪.૨૦૨૪ | -- | આકાશ દેવેશ શાહ | બોટાદ | -- |
| | મુલુંડ | નમ્રતા રાજેન્દ્ર આણંદજી ધરમશી | સુથરી | ૩૪ |
| ૨૩.૦૪.૨૦૨૪ | લંડન | યશ ડૉ. શશી બી. શર્મા | દિલ્હી | ૩૦ |
| | ઈંદોર | સોનલ કીર્તિ જેઠાલાલ ધરમશી | નાની સિંધોડી | ૩૦ |
| ૨૬.૦૪.૨૦૨૪ | ભાંડુપ | વીરલ કિરણ ઠાકરશી મોતા | રાપર | ૩૧ |
| | | કિના પ્રવીણ કટાસીયા | -- | -- |
| ૦૩.૦૫.૨૦૨૪ | કેનેડા | વૈભવ અમિતભાઈ દવે | અમદાવાદ | ૨૭ |
| | આદીપુર | કોશા નીલય પ્રવિણભાઈ દંડ | તેરા | ૨૭ |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧.૦૫.૨૦૨૪ | મુલુંડ | પ્રવિણ ધરમશી વોરા | રંગપુર | ૮૦ |
| ૦૨.૦૫.૨૦૨૪ | પાંચોરા | વિજયાબેન મેઘજી લોડાયા | કોઠારા | ૯૩ |
| ૦૩.૦૫.૨૦૨૪ | ધુલિયા | લક્ષ્મીચંદ નેણશી મોતા | વારાપધર | ૭૬ |
| ૦૩.૦૫.૨૦૨૪ | ડોંબિવલી | હેમલતા વિજય ધરમશી | ભરૂડીયા | ૬૦ |
| ૦૪.૦૫.૨૦૨૪ | ભાંડુપ | કસ્તુરીબેન ગોવિંદજી લોડાયા (અજાણી) | કોઠારા | ૮૪ |
| ૦૫.૦૫.૨૦૨૪ | ડોંબિવલી | કાંતિલાલ પદમશી ડાઘા | દલતુંગી | ૫૯ |
| ૦૬.૦૫.૨૦૨૪ | યલવીગી | લલીતા લક્ષ્મીચંદ લોડાયા | દલતુંગી | ૮૧ |
| ૦૬.૦૫.૨૦૨૪ | બુરહાનપુર | જયાબેન શામજી ગોસર | વારાપધર | ૭૬ |
| ૦૬.૦૫.૨૦૨૪ | ડોંબિવલી | ભૂપેન્દ્ર લાલજી ગાલા | કોટડી | ૭૩ |
| ૦૬.૦૫.૨૦૨૪ | થાણા | દમયંતી ઈચ્છાશંકર પાઠક | કુંકાવાવ | ૮૫ |
| | | (પુરબાઈ ચાંપસી પાલાણી-કોઠારાની પુત્રી) | | |
| ૦૭.૦૫.૨૦૨૪ | રાજકોટ | અરવિંદ કુંવરજી દંડ | ભરૂડીયા | ૬૭ |
| ૦૮.૦૫.૨૦૨૪ | ડોંબિવલી | દિલીપ મેઘજી લોડાયા | વારાપધર | ૬૮ |
| ૦૯.૦૫.૨૦૨૪ | ડોંબિવલી | નારાણજી દેવશી નાગડા | તેરા | ૮૦ |
| ૧૧.૦૫.૨૦૨૪ | નાસિક | ચંદનબાલા રાજેન્દ્ર નાગડા | પરજાઉ | ૭૨ |
| ૧૨.૦૫.૨૦૨૪ | માંડવી | પ્રેમિલાબેન લાલજી શામજી ધરમશી | સાંધાણ | ૫૬ |
| ૧૪.૦૫.૨૦૨૪ | ભુસાવલ | યોગીતા સચીન શાહ | - | |
| | હાલ મલકાપુર (દક્ષા દિનેશ નાગડાની પુત્રી-વારાપધર) | | | |
| ૧૪.૦૫.૨૦૨૪ | કલીકટ | સુશીલા ભરત ખોના | કોઠારા | ૬૬ |
| ૧૫.૦૫.૨૦૨૪ | અમદાવાદ | વિપુલ શરદચંદ્ર મોમાયા | સાંયરા | ૪૯ |
| ૧૫.૦૫.૨૦૨૪ | ડોંબિવલી | શામજી પેથરાજ શિયાલ | દલતુંગી | ૮૯ |

BEING JAIN

# Our Temple Dhwaja – Our Glory

- **Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)



